R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

VOL.67 ISSUE NO. 12 - MARCH 2025 - 60 PAGES - RS. 15/-




Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯
૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

## પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ કયુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર ક્લિક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂ.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂ.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

---

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
FINANCIAL SERVICES
With you, For you, Always...

Registered Office :
Gada & Haria Financial Services
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|
| Village : Bada | Village : Samaghoga | Village : Nagalpur |
| 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

માર્ચ ૨૦૨૫

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | |
| **WHAT IS IN A NAME?**............................... | સંજય ચંદનબેન વિસનજી છેડા ................... | ૫ |
| પગ મેં ભમરી............................................................. | લીલાધર હાંસબાઈ માણેક ગડા 'અધા'......... | ૯ |
| હવાફેર કે હવામાં ફેર......................................... | | |
| અધાની કર્મયાત્રા ''થઈ જશે'' વિષે બે બોલ................ | શાંતિલાલ હિરબાઈ કુંવરજી રાંભિયા .......... | ૧૩ |
| મહાકુંભ મહોત્સવઃ પ્રયાગરાજ ૨૦૨૫ .................... | ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે... | ૧૯ |
| ૧૯૪૪ના ગોદીના ધડાકા.......................................... | વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ ..................... | ૨૫ |
| ભજ પઈ .................................................................. | મણિલાલ લક્ષ્મીબેન પ્રેમજી દેઢિયા................. | ૨૯ |
| પિતાનો પુત્ર પ્રેમ.......................................................... | રાજેશ જવેરબેન નરશી સાવલા..................... | ૩૩ |
| સાહિત્ય અમૃત .......................................................... | આલેખનઃ ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ....... | ૩૬ |
| પ્રતિભાવ - પ્રતિસાદ .................................................... | | |
| પગદંડી- જાન્યુઆરી, ૨૦૨૫ અંક .................... | જયંત ભાણીમા શિવજી માલદે...................... | ૪૦ |
| પગદંડી - ફેબ્રુઆરી, ૨૦૨૫ અંક...................... | લીલાધર હાંસબાઈ માણેક ગડા.................... | ૪૦ |
| અનોખી અનુક્રમણિકા.......................................... | જયંતીલાલ લક્ષ્મીબેન વાલજી ગોગરી........... | ૪૧ |
| પ્રગદંડીને પત્ર ............................................................ | | |
| દેવ દ્રવ્ય............................................................... | વસંત જેઠીબાઈ લીલાધર ગાલા 'કચ્છ કેસરી'. | ૪૨ |
| દેવલાલી - લોનાવાલ આરોગ્ય ધામ.................. | મણિલાલ વેલબાઈ ગોવિંદજી ગાલા.............. | ૪૩ |
| ભવિષ્યકાળ માટેની ચેતવણી.............................. | જયંત ગોમીબેન ગણશી જાગાણી.................. | ૪૪ |
| ઉર્મિલહર............................................................. | સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા... | ૪૬ |
| શૈક્ષણિક સન્માન સમારંભ - અહેવાલ ...................... | .............................................................. | ૪૯ |
| સાંત્વન.................................................................... | .............................................................. | ૫૬ |
| મુખપૃષ્ઠ ચિત્ર ............................................................ | ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે... | |


**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**


Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
GALA CATERERS
From the Heart of Mumbai to the
Vibrant Landscapes of Kutch !
Crafting Moments, Creating Memories
ELEVATE YOUR EVENT WITH
EXQUISITE FLAVOURS & IMPECCABLE SERVICE
GRAND WEDDINGS
ANNIVERSARY PARTIES
BUFFET CATERING
EVENT CATERING
CORPORATE CATERING
DINNER PARTIES
CONTACT US
ATUL GALA | 93 2222 1205 . RAJESH GALA | 98200 32010/50
ROHIT GALA | 98200 99251 . CHIRAG GALA | 97 0202 9280

# તંત્રીસ્થાનેથી



## WHAT IS IN A NAME?

‘‘નામમાં શું છે? જેને આપણે ગુલાબ કહીએ છીએ એ અન્ય કોઈ નામથી પણ એટલી જ મીઠી સુગંધ આપશે.’’ વિલિયમ સેક્સપિયરના વિશ્વવિખ્યાત નાટક ‘‘રોમિયો જુલિયેટ’’માં જુલિયેટના મુખે બોલાયેલો પ્રસિદ્ધ સંવાદ, પણ આપણે આજે એનાથી વિપરીત વાત કરવી છે. ‘‘નામમાં શું છે?’’ તો આપણો જવાબ હોવો જોઈએ, ‘‘ઘણુંબધું’’.

ખાસ કરીને આપણી જ્ઞાતિ, આપણા સમાજ માટે ‘‘નામમાં ઘણુંબધું છે.’’ પગદંડી ફેબ્રુઆરી ૨૦૧૮માં પ્રગટ લેખ ‘‘ક.વી.ઓ.ની ઓળખાણ’’માં આપણું નામ, પિતાનું નામ, દાદાનું નામ તેમ જ ગામ વગેરે બોલવા, લખવા વિષે વાત કરી હતી. પણ એ લેખ આજના સંદર્ભમાં અધૂરો લાગે છે, એટલે આજે એ લેખના વિચારમાં ફરી થોડું ઉમેરવાનો યત્ન કરીએ.

એ લેખમાં વાત હતી પોતાના નામ સાથે પિતાનું, દાદાનું, ગામનું નામ જોડવાની, પણ એ સમયે કદાચ સૂઝ્યું નહીં કે સ્ફુર્યું નહીં કે એ નામમાં આપણા સૌની પાછળ કામ કરી રહેલી મૂક માતૃશક્તિને આપણે સૌ વીસરી જઈએ છીએ. (યુગોથી આપણે સૌ પુરુષપ્રધાન સમાજમાં રહ્યા, ઊછર્યા છીએ અને કદાચ એ જ કારણ હશે) ચાલો હશે, ‘‘જાગ્યા ત્યાંથી સવાર’’.

જૂન ૨૦૨૩થી મેં મારા નામમાં માતૃશક્તિને જોડી હતી પણ કોઈનું ખાસ ધ્યાન નહોતું ગયું. જાન્યુઆરી, ૨૦૨૫માં જયંતીભાઈ લક્ષ્મીબેન વાલજી ગોગરીએ એની નોંધ લીધી, જે ફેબ્રુઆરી, ૨૦૨૫ના પ્રતિભાવમાં આવરી લેવામાં આવી.

બસ ત્યારે જ વિચાર આવ્યો કે ચાલો બધા લેખકોને આ રીતે નામ લખવા પૂછીએ.

અને તુરત જ દરેક લેખકનાં માતા-પિતા સાથેના પૂરા નામ સાથે જ એમને મૅસેજ મોકલી એમની અનુમતિ માંગી અને દરેકેદરેક લેખક, તેમ જ સંસ્થાના પ્રમુખ સુધ્ધાંએ ઉમળકા સાથે આ વાતને વધાવી લીધી. અને એ પછી તો પગદંડી ફેબ્રુઆરી, ૨૦૨૫નો અંક પ્રસિદ્ધ થયો અને એ અંકને અને એની અનુક્રમણિકાને અદ્ભુત પ્રતિસાદ મળ્યો. કેટલાક ગ્રુપમાં/ સોશિયલ મીડિયા પર, આ નવલા પ્રયોગ માટે પગદંડીની માત્ર અનુક્રમણિકા જ ફરવા લાગી જે પગદંડી માટે સાચે જ ગર્વની વાત હતી.

આજે આ વિષય પર વધુ લખવા થોડું ગૂગલ કર્યું, કે વિશ્વભરમાં નામ લખવાની જુદીજુદી રીત શું છે, (ગૂગલનો ફાયદો એ છે કે જો યોગ્ય રીતે પ્રશ્ન પૂછો તો દુનિયાભરની માહિતી ચપટી વગાડતા સામે આવી જાય.) પણ આખા વિશ્વમાં માત્ર ત્રણ ઉદાહરણ મળ્યાં, જેમ કે ગ્રીકમાં કેટલાક લોકો નામ સાથે માતાની અટક જોડે છે, પોર્ટુગીઝ લોકો નામ પછી માતાની અટક અને પછી પિતાની અટક જોડે છે, સ્પેનિશ લોકો નામ પછી પિતાની અટક અને પછી માતાની અટક જોડે છે, પણ માતાનું નામ તો ક્યાંય પણ નહીં. જાણકારી તો ઘણી મળી, પણ સાથે સાથે એ પણ સમજાયું કે આખું વિશ્વ પુરુષપ્રધાન વિચારસરણી ધરાવે છે અને આપણું ભારત એમાં અપવાદ નથી. ચાલો હશે. ફરી એક વાર ''જાગ્યા ત્યાંથી સવાર''.

વધુ રિસર્ચ કરતાં જાણવા મળ્યું કે મહારાષ્ટ્ર સરકારે પણ આ મામલે સારી પહેલ કરી છે. ૧૧ માર્ચ ૨૦૨૪ના મહારાષ્ટ્રની કૅબિનેટે એક ઠરાવ પસાર કર્યો છે જેમાં વ્યક્તિના નામ પછી માતાનું નામ, પિતાનું નામ અને અટક લખવી ફરજિયાત છે. ૧ મે, ૨૦૨૪ પછી જન્મનાર દરેક વ્યક્તિના જન્મ દાખલા, સ્કૂલના દસ્તાવેજ, પ્રોપર્ટીના કાગળ, આધાર અને પેન કાર્ડમાં હવે માતાનું નામ પણ ફરજિયાત થઈ ગયું છે.

પણ વાત છે મરજિયાતથી આ રીતે નામ લખવાની. નામ સાથે પિતાનું, દાદાનું નામ તેમ જ અટક સાથે એમને તો ઓળખાણ આપીએ છીએ, એક ઓળખ આપીએ છીએ (કે પછી એમની ઓળખથી ઓળખાઈએ પણ છીએ), પણ આ બધાની પાછળ મૂક રીતે શક્તિ સંચાર કરતી માતૃશક્તિની પિછાણનું શું ?

માતૃશક્તિની પિછાણ, સ્ત્રીશક્તિની ઓળખ, પુરુષપ્રધાન વિચારસરણીથી બહાર આવવાનો

યત્ન એટલે આ રીતે નામ લખવાના લાભ તો ઘણા, પણ સાથેસાથે લેખને તટસ્થ રાખવા માટે એની નેગેટિવ બાજુ લખવી પણ એટલી જ જરૂરી.

### ૧. પોતાની ઓળખ

કેટલાકને પોતાનાં માતા-પિતાની ઓળખમાંથી બહાર આવી પોતાની અલગ ઓળખ બનાવવી હોય છે અને એટલે એ લોકો ફક્ત પોતાનું નામ અને ઓળખ માટે માત્ર અટક જ લખવા માંગતા હોય છે. (માતા-પિતા સફળ છે, એમનું પોતાનું એક નામ, ઓળખ હોય અને તમારે એ ઓળખમાંથી બહાર, પોતાની અલગ ઓળખ બનાવવી હોય, એવા કિસ્સાનું પ્રમાણ કેટલું ? એ અપવાદરૂપ કિસ્સાઓને છોડીને બાકીનાં સંતાનોએ તો આ કારણ છોડવું જ રહ્યું).

### ૨) પરિણીત સ્ત્રીઓ કેવી રીતે લખે

પહેલાં વાત કરી તેમ સમગ્ર વિશ્વમાં આ જ તકલીફ છે. ગણીને ત્રણ કે ચાર દેશોમાં માતાની અટકને માંડ સ્થાન મળે છે. પરિણીત સ્ત્રીઓ માટે પોતાની માતા તો શું, પિતાનું નામ લખવાનો પણ અવકાશ નથી હોતો. કેટલાક સુધારાવાદી લોકોએ પતિની અટક સાથેસાથે પિતાની અટક, તેમ જ પિતાનું ગામ લખવાનું શરૂ કર્યું છે. પણ હજી આ બાબતે મનોમંથન અને વધુ સુધારા માટે વિચારોની આપ-લે આવકાર્ય. (પણ ફરી એક વાર, ''જાગ્યા ત્યાંથી સવાર''ના તકિયા કલામ સાથે એટલું તો વિચારો કે અત્યારે આપણી પાસે આ વાતનું ચોક્કસ સમાધાન નથી, પણ જો આજે આપણે અનુસરીએ તો કાંઈ નહીં તો એ પરિણીત સ્ત્રીનાં સંતાનો તો પોતાની માતાને ઓળખ / પિછાણ આપી શકશે)

### ૩. પરિવારના અન્યોનાં યોગદાન વિષે શું ?

પહેલાં પિતાનું અને દાદાનું નામ ઉમેરવાની વાત થઈ, પછી માતાનું નામ ઉમેરવાની વાત થઈ, પણ એ સિવાય પણ આપણા સૌના સંઘર્ષમાં, સફળતાની સફરમાં આખા પરિવારનો ફાળો હોય છે. એમાં પણ ખાસ તો પતિ/પત્નીનો, એમની ઓળખ, એમનાં યોગદાનની કદર કેવી રીતે કરવી, એમના સિંહફાળાને પોતાની ઓળખમાં કેવી રીતે ઉમેરવી. (ફેસબુક પર કેટલાક મિત્રો છે જેઓ પોતાના નામ પાછળ પત્નીનું નામ પણ

જોડે છે, પણ પત્ની, માતા, પિતાનું નામ અને પછી અટક. એનાથી મૂંઝવણ તેમ જ ગૂંચવણ ઊભી થવાની શક્યતા વધારે.) સ્વીકાર્યું કે આ વિષે અત્યારે કોઈ યોગ્ય સૂચન કે ગોઠવણ નથી, પણ એક કામ થઈ શકે. એવું કંઈક કરીએ કે એમને પોતાની ઓળખ મળે એવા સમય/સંજોગો ઊભા કરવા પ્રયત્નશીલ રહીએ.

**૪. સરકારી ઓળખપત્રો, વગેરેનું શું ?**

માન્યું કે સરકારી ઓળખપત્રો, વગેરેમાં આ બધો બદલાવ સમય અને શક્તિ માંગી લેશે, પણ ફરી એ જ વાત ''જાગ્યા ત્યાંથી સવાર''. સમય, સંજોગો સાથે જ્યારે પણ આવા કોઈ પણ સરકારી ઓળખપત્ર, વગેરે બદલાવવાનો મોકો મળે ત્યારે આ વાત યાદ રાખો. ભલે નાનામાં નાની, પણ શરૂઆત કરો. (તમે નહીં માનો, આવી જ એક શરૂઆતનો મને અનુભવ થયો. થોડા મહિના પહેલાં જ એક ક્લાયન્ટના GSTના ઑર્ડરના, ઑફિસરે મારા વૉટ્સએપ DPમાંથી વાંચીને મારું માતા-પિતા સાથેનું નામ એ ઑર્ડરમાં લખી નાખ્યું, જે મારા માટે ખૂબ જ સુખદ્ આશ્ચર્ય હતું.)

**છેલ્લો**

પગદંડી ફેબ્રુઆરી, ૨૦૨૫ની અનુક્રમણિકા સાથે વૉટ્સ-એપ પર એક સૂચન પણ ફરી રહ્યું હતું કે સંસ્થાઓની જાહેરાતમાં સૌના નામ સાથે માતા અને પિતાનાં નામ પણ લખાય. પણ ઊંડાણથી જોઈએ તો આ વાત ત્યારે જ શક્ય છે જ્યારે સૌ પોતે ઈચ્છે કે મારું નામ આ રીતે જ લખાવું જોઈએ. જ્યારે કોઈ પણ કાર્યક્રમની જાહેરાતમાં બે નામ પણ આ રીતે આવવા લાગશે ત્યારે અન્ય નામ પણ વિચારતા થશે. (અને પગદંડી નામની આ ખિસકોલીનું છેલ્લા સાતથી વધુ દાયકાથી આ જ કામ છે. બસ, લોકોને વિચારતા કરવા. એકવાર લોકો વિચારશે તો અનુભવશે અને અનુભવશે તો બદલાવ આવશે જ.)

આ ખિસકોલીના નવતર પ્રયોગ, વિચારબીજ, સુધારવાદી પગલાં જેવાં આ પગલાં વિષે આપના વિચારો, આપના સુઝાવ, આપના મંતવ્યો હંમેશાં આવકાર્ય.

અસ્તુ

**- સંજય ચંદનબેન વિસનજી છેડા**

- રતાડિયા ગણેશવાલા, **મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**



## પગ મેં ભમરી

લીલાધર હાંસબાઈ માણેક ગડા 'અધા'

# હવાફેર કે હવામાં ફેર

કચ્છ... આજથી પાંચ-છ દાયકા પહેલાનું કચ્છ હવાફેર માટે ઉત્તમ સ્થળ હતું જે આજે નથી રહ્યું. આજથી પાંચ-છ દાયકા કે તેથી અગાઉ જેઓ કચ્છમાં રહ્યા છે અથવા આજથી છ- સાત દાયકા અગાઉ જેમનું બાળપણ કચ્છમાં વીત્યું છે તેઓ કહી શકશે કે હવે કચ્છ હવાફેર માટે યોગ્ય નથી રહ્યું, કારણકે હવે હવામાં ફેર આવ્યો છે, હવા ફરી ગઈ છે, હવા પ્રદૂષિત થઈ ગઈ છે અને કદાચ એ પ્રદૂષણ વધશે.

વર્ષો અગાઉ, આજથી પાંચ દાયકા અગાઉ મુંબઈગરો બીમારીમાંથી ઊભો થાય એટલે એને સલાહ મળતી કે તે હવાફેર માટે કચ્છ જાય. જે પરિવારોમાં સંયુક્ત કુટુંબ પ્રથા હતી તેમના સભ્યો પ્રતિવર્ષ વારાફરતી હવાફેર માટે એકાદ-બે મહિનો કચ્છ જતા હતા. આજે હવાફેર માટેનું સ્થાન દેવલાલીએ લઈ લીધું છે, પરંતુ હવે ત્યાં થોડે અંશે ભીડ થઈ જાય છે એટલે કચ્છ જેવી શાંતિ કદાચ પ્રાપ્ત ન થાય.

ટી.બી. (ક્ષય) જેવી બીમારીઓ જ્યારે અસાધ્ય હતી ત્યારે શુદ્ધ, સૂકી, પ્રદૂષણરહિત હવા એક પર્યાય બનતો હતો. કચ્છમાં ભુજ નજીક ભારાપર અને માંડવી નજીક મસ્કા એમ બે સ્થળે ટી.બી.ના દરદીઓ માટે વિશિષ્ટ સૅનેટોરિયમ હતાં, જેનો ભરપૂર ઉપયોગ તે સમયે થયો હતો.

કચ્છની આબોહવા વિષમ છે. તાપમાન ફરક ૪ ડિગ્રી શિયાળામાં અને ૪૪ ડિગ્રી ઉનાળામાં એટલે ૪૦ ડિગ્રીનો અને એ કારણે આબોહવા સૂકી રહે છે. તે સમયે ખેતી અને પશુપાલન સિવાય અન્ય વ્યવસાય ન હતો. વાહનો ખૂબ મર્યાદિત સંખ્યામાં હતાં અને ઉદ્યોગો નહીંવત્ હતા. આને કારણે આવક ઓછી હતી, ગરીબી બહુ હતી. આજીવિકા માટે કચ્છથી સ્થળાંતર મોટા પ્રમાણમાં થયું. કચ્છથી સ્થળાંતર કરી ગયેલા લોકો ત્યાંની કમાઈ અહીં પરિવાર માટે મોકલતા એટલે કચ્છ મની-ઑર્ડર લૅન્ડ તરીકે જાણીતું હતું.

કંડલા બંદર શરૂ થતાં કચ્છમાં ઉદ્યોગોની શરૂઆત થઈ અને સૌપ્રથમ વિકાસ પરિવહન ઉદ્યોગ (Transport Industry)નો થયો. વૈશ્વિક સ્તરે ખનીજ તેલનું ઉત્પાદન વધ્યું અને તેલના કૂવા માટે જરૂરી બેન્ટોનાઈટની

ઉત્તમ ક્વોલિટીનો જથ્થો કચ્છમાં મળ્યો. તેની સાથેસાથે બોક્ષઈટ, ચાઈના ક્લે, લિગ્નાઈટ અને સિમેંટ ઉદ્યોગ માટે જરૂરી ચૂનાના પથ્થરો ઈત્યાદિ કચ્છમાં વિપુલ પ્રમાણમાં મળી આવતા ખનીજ ઉદ્યોગ પણ વિકસ્યો. ગુજરાત રાજ્યને ખનીજની રૉયલ્ટીમાં થતી આવકનો ૬૫ થી ૭૦ ટકા હિસ્સો કચ્છનો છે. ખનીજ ખનનમાં પ્રદૂષણનો ફેલાવો હવામાં ઊડતી માટી, રજકણોને કારણે થયો. કચ્છના રણમાં મીઠાનો ઉદ્યોગ પણ બહુ મોટા પ્રમાણમાં વિકસ્યો અને મીઠાનું વહન રોડ રસ્તે થતાં એણે પણ પ્રદૂષણ વધારવામાં ભાગ ભજવ્યો.

ધરતીકંપ પછી ઔદ્યોગિકીકરણમાં હરણફાળ આવી. કચ્છની ઈકોનોમી ફૂલીફાલી પણ એનાથી કચ્છની નૈસર્ગિક અને નૈતિક આબોહવાને અગણિત નુકસાન થયું છે એનો અંદાજ માત્ર ભૌતિક આકલન કરનારને નહીં આવે. વિવેકશૂન્ય, અસંવેદનશીલ કૉર્પોરેટ સેક્ટર કચ્છ બહારથી આવતા મજદૂરોનું શોષણ વિવિધ રીતે કરે છે. કચ્છના ઉદ્યોગોમાં ૭૦ થી ૭૫ ટકા કૉન્ટ્રેક્ટ મજૂરો છે જેમને લેબર લૉ - મજૂર કાયદા હેઠળ મળવાપાત્ર કોઈ પણ લાભ મળતા નથી. આ મજૂરો અસ્થાયી આવાસોમાં, ઝૂંપડપટ્ટીને પાછળ રાખે એવી સ્થિતિમાં રહે છે. દાયકાઓ સુધી એક સ્થળે કામ કરવા છતાં તેને કાયમી કરવામાં આવતા નથી. મુંબઈની ધારાવી ઝૂંપડપટ્ટીને ડેવલપ કરવાની હામી ભરનાર ઉદ્યોગગૃહના કચ્છમાં કર્મચારીઓ ઝૂંપડપટ્ટીઓમાં જ રહે છે, તો એમના માટે આ ઉદ્યોગગૃહો શા માટે યોગ્ય આવાસો નથી બનાવતાં.

દાયકાઓ અગાઉ મુંબઈથી કચ્છ વાયા નવલખી કંડલા, અથવા વાયા પાલનપુર ડીસા આડેસર, આવતા ત્યારે આડેસર અથવા કંડલા આવતાં જ શુદ્ધ હવા માણવાનો આહ્‌લાદક અનુભવ થતો. આજે લાકડિયાથી ગાંધીધામ અને ખાસ કરીને સામખિયારી પાસે સૂરજનાં દર્શન ન થાય એટલાં ધુમ્મસ અને રજકણ ફેલાયાં છે. ઔદ્યોગિકીકરણે પૂર્વ કચ્છની આબોહવા અને વાતાવરણનો ડાટ વાળ્યો છે, પરંતુ હવે દક્ષિણ અને પશ્ચિમ કચ્છમાં આવતા ઉદ્યોગો પણ પ્રદૂષણનો ફેલાવો બેરોક-ટોક કરે છે. નવા ઉદ્યાગો જે વિસ્તારમાં આવે તે વિસ્તારનાં ગામડાંની લોકસુનાવણી થાય છે. પ્રથમ તબક્કે સંપૂર્ણ વિરોધ થયો હોય તેવા ઉદ્યોગો ધીમેધીમે ગામડાંમાં પૈસા, કામ અને કૉન્ટ્રેક્ટની લાલચ અનો નામ અનો ખપપૂરતી સી.એસ.આર. પ્રવૃત્તિઓ વડે વિરોધનો પાંગળો કરી મૂકે છે. ધીમેધીમે એક પછી એક વિરોધ કરનારાઓ કાં તો ખરીદાતા જાય છે અથવા નૈતિક રીતે ખતમ કરી દેવાય છે અને ઉદ્યોગો સ્થપાઈ જાય છે. લાખાપરની કોલ ફૅક્ટરી, ભદ્રેશ્વરનો કોલસા આધારિત પાવર પ્લાન્ટ આનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. આ

બન્ને કેસમાં જાગૃત નાગરિકોએ છેક સુપ્રીમ કોર્ટ સુધી લડત આપી, પરંતુ સફળ ન થયા અને બંન્ને પ્લાન્ટો પ્રદૂષણ ફેલાવે છે અને કાર્યરત છે. ભદ્રેશ્વરનો પ્લાન્ટ તો આપણા સંગેમરમર જૈન દેરાસર સામે છે. આવી લડત આપનાર છેવટે એકલો પડી જાય છે અને થાકી જાય છે અથવા તો સમાધાન કરી લે છે.

કચ્છનો માંડવી તાલુકો પ્રદૂષણમુક્ત હતો, પરંતુ અહીં હવે બે મહાકાય સૌથી વધારે નુકસાનકારક ઝેરી હવા ફેલાવનાર ઉદ્યોગોનાં પગરણ થઈ ચૂક્યાં છે. માંડવીથી માત્ર ૨૨ કિલોમીટરના સીધા અંતરે ગામ બાડામાં સોડા એશ ફૅક્ટરી આવે છે. પ્રારંભમાં થયેલો સજ્જડ વિરોધ ધીમેધીમે મોળો પડ્યો છે અને હવે બાડા આસપાસનાં ગામે સમાધાનકારક ભૂમિકા પર આવ્યાં છે. પ્રદૂષણ બોર્ડ સાવ નઠારી ભૂમિકા ભજવે છે. આસપાસનાં ગામડાંમાં સી.એસ.આર. પ્રવૃત્તિઓ કંપની તરફથી શરૂ થઈ ગઈ છે. પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગગૃહ સામેની લડતમાં બાડા ગામ એકલું પડી ગયું છે. માંડવીથી પશ્ચિમે ૨૦-૨૨ કિલોમીટરના અંતરે સોડા એશની ફૅક્ટરી પર્યાવરણને કેટલું નુકસાન કરશે એનો સાચો અંદાજ પાંચ વર્ષ પછી આવશે, પરંતુ ત્યાં સુધી બધુ સમેટાઈ ગયું હશે. સુપ્રીમ કોર્ટમાંથી સ્ટે મળે તો જ રોક આવશે, પરંતુ એ લડત માટે સારી રકમ જોઈએ.

માંડવીથી પૂર્વમાં માત્ર ૧૫ કિલોમીટરનાં સીધા અંતરે ત્રગડી પાસે અદાણી ગ્રુપનો કોપર પાવર પ્લાન્ટ વગર સુનાવણીએ કાર્યરત થઈ ગયો છે. કોપર પ્લાન્ટમાં કોપર સલ્ફેટ  વાયુ સ્વરૂપે બહાર આવે છે, તે બહુ ઘાતક છે. જાણકારો કહે છે કે આ ગૅસ, ભોપાલ ટ્રેજડીના ગૅસ કરતાં ખતરનાક છે. ઉદ્યોગોની વગ કેટલી છે એનું આ ઉત્તમ ઉદાહરણ છે. કોઈ પણ સુનાવણી વિના આ પ્લાન્ટના પ્રથમ ફેઝનું પ્રારંભિક કામ શરૂ થઈ ગયું છે.

હવે ઉદ્યોગો ગ્રીન શબ્દનો પોતાનો અનુકૂળ હોય એવું અર્થઘટન કરી રસ્તો કાઢી લે છે, જેથી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સામે છટકબારી શોધી લે. આમ પણ પ્રદૂષણ બોર્ડ હવે નહોર અને દાંત વગરના વાઘ જેવું બની ગયું છે. એનો કોઈ પણ ઉદ્યોગને ભય નથી. પૈસા અફસરોને ખરીદી લે એ આમ વાત છે, પરંતુ સરકારે તો હવે આડકતરી રીતે આ પ્રકારની રિશ્વતને કાયદેસર બનાવી છે.

પ્રદૂષણ બોર્ડ સરકાર હસ્તક છે અને એનાં સંચાલન માટે સરકાર નાણાંની જોગવાઈ કરે છે. પ્રદૂષણ બોર્ડના છેલ્લા બે વર્ષના વાર્ષિક અહેવાલમાં નોંધ છે કે સરકારે પ્રદૂષણ બોર્ડ માટે કોઈ બજેટ ફાળવ્યું નથી અને પ્રદૂષણ બોર્ડને ઉદ્યોગો પાસેથી

સી.એસ.આર. ફંડમાંથી નાણાં અનુદાન સ્વરૂપે લેવાની છૂટ આપી છે. સરકારે આડકતરી રીતે ઉદ્યોગોને પ્રદૂષણ બોર્ડને ડોનેશનના ઓઠા નીચે લાંચ આપવાની છૂટ આપી છે. આવું માત્ર ગુજરાતમાં થાય છે. આ પ્રકારની જોગવાઈને કોઈ પડકારતું નથી. પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગો, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનાં સૌથી મોટા અનુદાતા હોઈ શકે. સરકારને ગુજરાત મૉડેલ વિકસાવવાનું છે. અંકલેશ્વર, વાપી પછી હવે કચ્છનો વારો છે. કોઈ પણ સ્થળે કોઈ પણ પ્રકારની નક્કર લડાઈ પ્રદૂષણ સામે થઈ નથી અને થશે પણ નહીં. વિરોધ આંદોલન બને તો જ ચોક્કસ પરિણામો આવે.

તામિલનાડુના તુતીકોરીન બંદરગાહ પર વેદાન્તા કંપનીનો કોપર પ્લાન્ટ હતો. પ્રદૂષણ સામે પ્રજાએ સંગઠિત થઈ લડત આપી. આંદોલન અને કાયદો... બન્ને સ્તરે લડત આપી અને કોપર પ્લાન્ટ બંધ કરવાની ફરજ પાડી. હવે આ ઘાતકી પ્રદૂષણ ફેલાવતો કોપર પ્લાન્ટ માંડવી તાલુકામાં આવ્યો છે. માત્ર દુહાઓમાં કચ્છના ખાંખત ખમીરની વાતો થાય છે. કચ્છી માડુ આંદોલન કરી શકે નહીં. માત્ર રૅલીઓ કાઢે. માંડવીના અદાણી કોપર પ્લાન્ટ અને બાડાનો જી.પી.સી.એસ. સોડા એશ પ્લાન્ટ બન્ને ગણતરીના મહિનાઓમાં કાર્યરત થઈ જશે. ઉદ્યોગો આવક રળશે અને પ્રજા પ્રદૂષણ માણશે.

માંડવી તાલુકાનાં ગામેગામ તમામ ધર્મોનાં નવાં મંદિરો, માતાજીઓનાં આસ્થા સ્થાનો, દેરાસરો, મસ્જિદો ઊભી થઈ છે. રામકથા, શિવપુરાણ કથા, ભાગવત કથા, અનુષ્ઠાનો, પ્રતિષ્ઠાઓ, ઓચ્છવો પાછળ લખલૂટ નાણાં વપરાય છે. આરોગ્યને હાનિકરક પ્રદૂષિત ઉદ્યોગો સામે એકજૂટ થઈ ક્યારેય કચ્છી માડુ આંદોલન નહીં કરે અને હવે કચ્છની હવામાં ફેર આવ્યો છે એટલે કચ્છ હવાફેર માટે નથી રહેવાનું એ નક્કી છે.

મો. : ૯૮૭૯૫ ૦૬૦૫૯

---


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ | વર્ષ : ૭૭

# પગદંડી

અંક : ૧૨ | માર્ચ ૨૦૨૫

**તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે**
**સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org
ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦
મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફ્ટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**
૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# અધાની કર્મયાત્રા ''થઈ જશે'' વિષે બે બોલ



✻ શાંતિલાલ હિરબાઈ કુંવરજી રાંભિયા ✻

એમ કહેવાય છે કે, ''કર્યું, કરાવ્યું અને અનુમોદ્યું'' એ ત્રણો કાર્યો જીવનનાં અનમોલ કાર્યો છે. અધાની ''થઈ જશે'' જેવી કર્મયાત્રા લખવા, એમને પ્રેરિત કરવાનો યશ લાખાપરનાં (હાલે તિરુપુર) શ્રીમતી કિરણબેન અને શ્રી અનિલભાઈને જાય છે. કર્મયાત્રાની આઠ પાનાની પ્રસ્તાવના લખનાર શ્રી અરુણભાઈ દવેએ ''થઇ જશે''નો ટૂંકમાં અર્થ કર્યો છે ''ભરોસો, ધીરજ અને સંકલ્પ''. કર્મયાત્રા વાંચ્યા પછી અધાનો એ શબ્દોથી નવાજી શકાય. અરુણભાઈએ લખ્યું છે કે સેવા ક્ષેત્રે મૌન રહી કાર્ય કરવું કઠિન છે. એ કાર્ય દીક્ષા સમાન છે. અરુણભાઈએ એક યાદી બનાવેલ છે જે તેર કાર્યોની જરૂરતો જીવનમાં અપનાવી શકે તે સેવાકીય તપશ્ચર્યાનો ભેખ લઈ શકે. એમના મતે સમય જતા ભારતની IIM જેવી ઈન્સ્ટિટયૂટ તેમનાં બધાં સેવાકાર્યો કેમ અને કેવી દક્ષતાથી સફળ થયા તેનો અભ્યાસ હાથ ધરાશે. ''થઈ જશે'' વાંચીને નકારાત્મક વિચારોને કદાચ મૂળથી ઉખેડી નાખે એવી આ કર્મયાત્રા વાંચનાર સૌને પ્રેરણારૂપ બનશે એમાં શંકા નથી.

શ્રી લીલાધર માણેક ગડા જે આખા કચ્છમાં ''અધા''ના હુલામણા નામે જ જાણીતા છે, એમના મિત્ર શ્રી ગોરધન પટેલ ઉર્ફે ''કવિ'' કર્મયાત્રા માટે લખે છે કે, ''કર્મ એ જ ધર્મ''ના વાક્યને અનુસરતા આ સર્જક પોતાના જીવન સાથે સંકાળાયેલાં વૈવિધ્યસભર માનવીય સેવાનાં અનેકવિધ પાસાંને પોતાના આ પુસ્તકમાં સ્વાનુભાવ તરીકે સાંકળી લીધાં છે. ''થઈ જશે''એ બધાના જીવનવૃત્તાંતનું દસ્તાવેજીકરણ છે.

અધા પણ આ પુસ્તક માટે ''પોતાની વાત'' લખતાં કહે છે કે, પોતાનાં કાર્યોનું ''થઈ જશે'' પુસ્તક દસ્તાવેજ બની રહેશે. અધાએ ઓચિંતી તક મળતા અથવા જરૂરિયાત ઊભી થતાં સકારાત્મક વિચાર કરી પ્રવૃત્તિનું મંડાણ થતું અને સાથીઓનો સાથ મળતો. એનાં રિસ્ક ફૅક્ટર, નડતરો અને સફળતાનું ચિંતન શરૂ થઈ જતું અને એ રીતે નિર્ણય લેવાતા ગયા. મિત્રોના પ્રશ્નોના ઉત્તર ન મળતા ત્યારે મોઢામાંથી બે જ શબ્દો નીકળતા... ''થઇ જશે'' અને એ રીતે પ્રવૃત્તિઓ મંડાતી રહી અને થતી રહી.

૫૧ વર્ષના સામાજિક જીવનમાં એકધારી પ્રવૃત્તિઓ અટક્યા વગર કરનાર અધા લખે છે, પોતાના જીવનમાં પત્ની, કુટુંબીઓ, તથા મિત્રોનો હંમેશાં તન, મન, ધનથી સહકાર મળતો રહ્યો છે અને સાથેસાથે તેમની પ્રવૃત્તિઓને ધન દાનથી નવાજતા દાતાઓનો પણ આભાર વ્યક્ત કરે છે. તેમણે તેમનાં કાર્યોમાં મુખ્ય દાતાઓમાં આરતી ગ્રુપ, નવનીત પરિવારનો ફાળો હંમેશાં મળતો રહ્યો છે તેની ખાસ નોંધ લીધેલ છે.

લીલાધરભાઈ પોતાના જીવનને ત્રણ ભાગમાં વહેંચીને લખે છેઃ શરૂઆતમાં ૩૫ વર્ષ પોતાની માટે, ત્યાર બાદ કચ્છના આરોગ્યની પ્રવૃત્તિઓ માટે ૨૫ વર્ષ અને છેલ્લાં ૩૦ વર્ષથી સેવાની અનેક પ્રવૃત્તિઓ આદરી અથવા સેવાની અનેક પ્રવૃત્તિઓમાં સામેલ થઈ દરેક પ્રવૃત્તિને પોતીકી માની રચનાત્મક રીતે કામ કર્યું છે, છતાં કોઈ પણ જાતનો યશ ન લેતાં કહે છે કે તેમનું પોતાનું યોગદાન ''રામસેતુની ખિસકોલી'' જેટલું જ છે.

કહેવત છે કે, 'આપણા દરેક સ્વપનાં સાચાં પડે જો આપણામાં એને pursue કરવાનીં હિંમત હોય'. અધાએ એ સાબિત કરી બતાવેલ છે જે ''થઈ જશે'' વાંચવાથી જાણી શકાય.

સકારાત્મક વિચારો શું શું કરી શકે તેનું જીવતું દ્રષ્ટાંત અધાની કર્મયાત્રા ''થઈ જશે''. આ પુસ્તક વાંચીને મનથી પ્રેરણા લેવાય તો નવજીવનનું ઘડતર શક્ય છે. 'થઈ જશે'માં આલેખાયેલા પ્રસંગો કરતાં પણ કદાચ વધારે સકારાત્મક વિચારોના દ્રષ્ટાંત છે, પરંતુ ''થઈ જશે'' વાંચ્યા બાદ નકારાત્મક વિચારોને છોડવાની પ્રેરણા જરૂરથી પ્રાપ્ત થશે. અધાની કલમમાં એક ખૂબી એ છે કે લાગણીપ્રધાન વ્યક્તિની દ્રષ્ટાંત વાંચતાં આંખ ભીની સો ટકા થશે. હેલેન કેલ્લર લખે છે કે, "The best and the most beautiful things in the world cannot be seen or even touched, they must be felt with the HEART".

ક.વી.ઓ. સેવા સમાજના મુખપત્ર 'પગદંડી'માં લગભગ પાંચ દાયકાથી ''પગમેં ભમરી''ના શીર્ષક હેઠળ ભાવનાત્મક લેખો લખનાર શ્રી લીલાધર ગડા 'અધા' 'પગમેં ભમરી''ની પાંચ આવૃત્તિઓ બહાર પાડી ચૂક્યા છે.

હાર્ટના બાયપાસ પછી પગમેં ભમરી લખવાનું છોડવાનો વિચાર વ્યક્ત કરેલ અને એ નિર્ણયની એમના મિત્ર ડૉ. ગુલાબ દેઢિયાને ખબર પડી તો એમણે એમને સમજાવીને એ સિલસિલો ચાલુ રાખવા કહ્યું, જેથી અત્યારે એમની ઉંમર ૮૭ વર્ષની હોવા છતાં લખવાનું ચાલુ રાખેલ છે અને ''થઈ જશે''નું વિમોચન પણ ૮૭માં વર્ષે થઈ રહ્યું છે. શું એ બાબત પણ પ્રેરણારૂપ નથી?

અધાની કર્માયાત્રા ૧૯૭૨માં ડુમરામાં યોજાયેલ નેત્રયજ્ઞથી શરૂ થઈ. આ નેત્રયજ્ઞથી લીલાધરભાઈના જીવનમાં મોડ આવ્યો. પહેલો નેત્રયજ્ઞ જે એમના કાકા સ્વ. ડૉ. ભાણજીભાઈની યાદમાં એમના કુટુંબે યોજેલ ત્યારે સવાલ આવેલ કે નેત્રયજ્ઞ બરાબર યોજાશે? ત્યારથી જ અધાનો જવાબ એક જ હતો કે ''થઈ જશે'' અને એ ''થઇ જશે''નો એ સિલસિલો અધાની જીવનયાત્રામાં દરેક કાર્યો વખતે વિશ્વસનીય રહ્યો છે. એમની આયોજન શક્તિ ૧૯૭૩થી જ પોતાના આત્મવિશ્વાસથી ખીલતી રહી છે. સ્વ. ડૉ ભાણજી કાકાના સ્વપ્નને સિદ્ધ કરવા આરોગ્ય ક્ષેત્રે ઝંપાલાવીને અધાએ પોતે જ એક અનોખા માણસની છાપ આખા કચ્છમાં ફેલાવી છે. એ માટે એમણે કુટુંબ, ધંધો વગેરે માટેના સમયનો ભોગ આપેલ છે.

ડુમરાના કૅમ્પ પછી દર વર્ષે કૅમ્પ કરવાનું નક્કી થયું જે માટે બિદડા ગામ પહેલો કૅમ્પ કરવા તૈયાર થયું, પરંતુ એ કૅમ્પની સફળતા એટલી બધી રહી કે બિદડા ગામના કાર્યકરો હંમેશ માટે આવા કૅમ્પ યોજવા સહકાર આપવા તૈયાર થયા. આજે બિદડા હૉસ્પિટલ કચ્છમાં ગણનાપાત્ર આરોગ્યનું સ્થળ બન્યું છે. આ બધાં કાર્યોમાં અધાનો હિસ્સો અકલ્પનીય છે. એમની વૈચારિક સહકાર્યકરો, ડૉક્ટર મિત્રો અને દાતાઓ સાથેની સંગત અને દર્દીઓ સાથેની આત્મિયતા એમની સફળતાનાં ખાસ અંગ છે. એ બધાનો એમને કેવી રીતે સહકાર મળતો રહ્યો એ 'કર્મયાત્રા' કહે છે.

કચ્છમાં ૧૯૭૬ થી ૧૯૭૯ સુધીના દુષ્કાળમાં ખાસ કરી બાળકો ભોગ બનેલાં તેમના ઉપચાર અર્થે પ્રેમસ્મૃતિ મેડિકલ સેન્ટરની ૧૯૮૧માં સ્થાપના કરી. ૧૦૨ ગામમાં આશરે ૧૦૦૦ બાળકોની તપાસ કરી રતાંધણાપણા સામે ઝુંબેશ સમયસર કરવા ફંડની અછત છતાં ''થઈ જશે''ના વિશ્વાસે આરંભ કર્યો તેના ચિતારનું વાંચન પણ પ્રેરણાદાયક છે. એક રીતે પોલિયોની ટ્રીટમેન્ટ ઍન્ડ ઓરલ ડોઝ ગામેગામ ફરીને લોકોને સમજાવીને સેવા આપી એ કામ પણ વાંચ્યા પછી અનુમોદનીય હતું એમ કહેવું રહ્યું. દરેક ગામની વિઝિટ સમયસર રહેતી હતી એ દરેક ટીમની માટે ઉલ્લેખનીય રહી છે.

અધા ડૉક્ટર અને દર્દી વચ્ચે સેતુ બની રહેતા. હૃદયરોગની બિદડામાં શિબિરનું આયોજન અધાના સકારાત્મક વલણમાં સૂર પૂરે છે. શિબિર બાદ KEM હૉસ્પિટલમાં હૃદય-રોગના દર્દીઓના ઑપરેશન માટે જે અડચણોનો સામનો કરવો પડ્યો એમાં પણ 'થઇ જશે'ના વિચારે અધાના સંબંધો અને એપરોચે મુખ્ય ભાગ ભજવેલ તે પણ અભિનંદનીય છે. અધાનો અનુભવ છે કે

એક સારું કામ કરવા નીકળો તો દસ રસ્તાઓ મળી રહે છે. ૧૯૮૩ થી ૨૦૦૩ સુધીમાં હૃદયરોગના ૧૦૦૦થી વધારે ઑપરેશન નિઃશુલ્ક થયા જેનો યશ દાતાઓને જાય છે.

હૃદય રોગના કૅમ્પોનું મુશ્કેલીઓ વચ્ચે કચ્છમાં કેવી રીતે આયોજન થયું એ પણ કર્મયાત્રામાં જાણવા મળે છે.

એમના લિસ્ટમાં ખાસ દાતાઓ જે દરેક કામમાં એમની પડખે ઉભા રહે છે તે છે નવનીત પરિવાર, આરતી પરિવાર, સ્વ. જે. પી. સાવલા કુટુંબ, પ્રિન્સ પરિવાર, શેમારુ, હંસરાજભાઇ, અનિલભાઈ વગેરે અનેક વ્યક્તિઓ છે. તેમના પોતાના કુટુંબનો પણ સહકાર હંમેશાં મળતો રહ્યો છે.

તાજ હોટેલમાં વિશ્વ હાર્ટ સર્જન કૉન્ફેરેન્સમાં હૃદય રોગ મેડિકલ કૅમ્પો બિદડામાં યોજાતા તેના પેપર રજૂ થયા બાદ આશ્ચર્યચકિત થયેલ સર્જનો બિદડા આવ્યા અને ભારત સરકારના ફિલ્મ ડિવિઝને એની દસ્તાવેજી બનાવી એ બતાવે છે કે કયા પ્રકારના કામ અધાના હાથે થયા તે વાંચીએ.

કચ્છમાં ફિટ-વાઈના દર્દીઓ મોટા પ્રમાણમાં હતા. તેમનો અંધશ્રદ્ધા સામે લડીને ઉપચાર કરવો કેટલો મુશ્કેલ હતો તેમ છતાં તેનું આયોજન કરી કંઈ રીતે સેવા આપી એ પણ 'થઇ જશે'નું રસદાર લખાણ કહે છે. ડૉ. જનક નાથન પાસેથી એની કૅમ્પો કરવાની અડચણો જાણ્યા છતાં 'થઇ જશે'નું હકારાતમ્ક વલણ શા માટે તે જાણીએ.

સિંગાપોરની કૉન્ફેરેન્સમાં ફિટ-વાઈના ૫૦૦ દર્દીઓ એકીસાથે કૅમ્પમાં તપાસાય એ બાબતે અચંબો થયો અને એ કારણે વર્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કચ્છમાં સર્વે કરવાનું નકી કર્યું. જેની માટે ડૉ. નાથને અધાનો સહકાર માંગતા એક જ જવાબ ''થઇ જશે''. ૧૯૯૮માં મલેરિયાની લડત પણ એ જ રીતે હાથ ધરવામાં આવેલ.

૧૯૯૮ પછી કુટુંબ-ધંધો વગેરે છોડી ફુલ ટાઈમ આરોગ્ય પ્રવૃત્તિઓ અધાએ આદરી જે હજુ સુધી ચાલુ છે.

ત્યાર બાદ ભોજાયમાં મિત્રોના સહકાર સાથે આંખના ઉપચાર સિવાયની અન્ય આરોગ્ય સવલતો આપવાના વિચાર સાથે હૉસ્પિટલના મંડાણ કાર્ય શા માટે કર્યું એ કર્મયાત્રામાં જાણી શકાય છે. ગામની ધુરંધર વ્યક્તિઓના વિરોધ વચ્ચે હૉસ્પિટલની સ્થાપના સફળતાપૂર્વક કરી. સાથે અન્ય કોમનો સરકાર મેળવ્યો એ અધાની વ્યહવારકુશળતા પણ અકલ્પનીય છે. હૉસ્પીટલ માટે છેવાડાના ગામમાં આવવા ડૉક્ટર મળશે કે કેમ એવા સવાલનો જવાબ અધા પાસે એક જ હતો કે 'થઇ જશે'.

૧૯૯૮માં ભોજાય હૉસ્પિટલ શરૂ કરી ત્યાર બાદ મુંબઈની પ્રખ્યાત કૅન્સર ટાટા

હૉસ્પિટલ સાથે મહિલાઓના રોગ તપાસવા કૅમ્પો યોજવામાં સફળતા મળી. એ માટેની તૈયારીઓ કરવામાં અધાના મિત્ર ડૉ. જયંત ગાલાની સારી મદદ ફક્ત અધાના એક ફોન પર મળી અને તુરંત કૅમ્પો શરૂ થયા. આવા કૅમ્પો પછી ભોજાય હૉસ્પિટલ મહિલા રોગો માટે આખા કચ્છમાં પ્રખ્યાત થઇ. દર્દીઓને મફત સેવા પૂરી પાડવામાં આવે એવી સાર્વજનિક હૉસ્પિટલ બહુ ઓછી છે. પુસ્તક વાંચતાં નારીશક્તિનો પરિચય પણ મળે છે. માત્ર બે-ચાર ચોપડી ભણેલી ધાઈ બહેનોને મુંબઈમાં ટ્રેનિંગ આપવી એવો ખ્યાલ અધાને જ આવે અને એમાં પણ સફળતા મેળવી. ૧૯૭૩-૧૯૯૯ સુધીની આરોગ્ય પ્રવૃત્તિઓ તેમને પોતાના માટે નહીં પણ અન્ય દરેકને સરખો ન્યાય આપ્યો તેનો પોતાને સંતોષ છે.

૨૦૦૧ના કચ્છના ધરતીકંપથી અધાના જીવનનો ત્રીજો તબક્કો શરૂ થયો. ધરતીકંપના બીજા દિવસથી જ કચ્છ પહોંચી સેવાનાં વિવિધ કાર્યો કરતાં રહ્યાં. પરંતુ ત્યાર બાદ લોકોના પુનર્વસન માટે બુદ્ધિથી જે કર્યું, એની નોંધ રાષ્ટ્ર અને વિશ્વમાં કુદરતી આફતોના પુનર્વસન માટે લેવાઈ. ઘર વિનાના માણસને ઘર મળે એ માટે ''માણસને ઊભો કરો અને પોતાનું ઘર પોતે બનાવે''નો વિચાર આપી, ભોજાય સર્વોદય ટ્રસ્ટે શરૂઆત કરી, એની માટે નિયમો બનાવી, સિમેન્ટ, લોખંડ, ગાજિયા જેવું મટિરિયલ જરૂરિયાતવાળા માણસોને જેટલું જરૂરી હોય તેટલું આપી માણસ માથે છત આપવા જે રીતે કાર્યો થયાં છે એ ખરેખર ઉલ્લેખનીય છે. BBC લંડને એનો રિપોર્ટ પબ્લીશ કર્યો જેથી દેશ-પરદેશમાં જ્યાં કુદરતી આફતો થઇ ત્યાંથી અધાનો એમની આવડત અને અનુભવનો ઉપયોગમાં લેવા આમંત્રણો મળ્યાં અને પોતે સેવા પણ આપવા ગયા.

નવાનવા આઈડિયા મગજમાં આવે તેને અમલમાં મૂકવાનાં એવા અનેક કાર્યોનો કર્મયાત્રામાં ઉલ્લેખ છે. જેમાં મંદબુદ્ધિનાં બાળકો માટે માનસમંદિર, જે વોકેશનલ તાલીમ માટે બાંધવામાં આવેલ ડૂમ્સનો ઉપયોગ ન થતાં, મંદબુદ્ધિના બાળકો માટે બોર્ડિંગ અને સ્કૂલ બનાવી. એ જ રીતે મંદબુદ્ધિની બાળાઓ માટે બિદડામાં માનસી, આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ આદરી. વિચરતા સમુદાયો માટે સરકાર સામે લડીને તેમને તેમના હક્કોથી વાકેફ કર્યાની પ્રવૃત્તિ મિત્તલ પટેલ આજ સુધી સાથે કરી રહ્યા છે. ગામલક્ષી વિવિધ આરોગ્ય કૅમ્પો, મહામારી સાથેની લડતમાં આરોગ્ય સેવાઓ, કચ્છના વંચિત સમુદાયો માટે કાર્યો અને કચ્છનાં ૫૩૦ ગામોમાં આંખોની તપાસ કરી ઑપરેશનો કર્યાં. શ્રી હીરાલાલભાઈ સાવલા સાથે પાંજરાપોળનાં વાછરડાં છોટા ઉદેપુર મોકલવાની વ્યવસ્થા કરતા એમને ખબર પડી કે ત્યાં આદિવાસી વિસ્તારોમાં વિદ્યાર્થીઓની આંખોની તપાસ જરૂરી જણાતાં એ પ્રવૃત્તિ આદરી આદિવાસીઓને ઠેકઠેકાણે આરોગ્ય સેવાનો લાભ મળે એ હેતુથી કઈ રીતે અનેક

સેવાઓમાં સહકાર્યકર બન્યા. ડૉ. શોભા ક્રિષ્ણાન મહિલાઓના કૅન્સરના રોગો માટેના કૅમ્પો યોજાવી અનોખાં કાર્ય થયાં. ડેન્ગ્યુ, કોરોના, જેવી મહામારીમાં પણ ડર્યા વગર સેવાઓ ચાલુ રાખી માનવીય કાર્ય કર્યાં. પારકરા કૉલોની તથા મીઠાના અગરમાં કામ કરતા મજૂરો માટે અને તેમનાં બાળકો માટે અભ્યાસની સુવિધાઓ પણ ૮૦ વટાવ્યા પછીનાં કાર્યોની ઝાંખી છે. અને આ બધા કાર્યો કેવી રીતે અને કેટલી અડચણોનો સામનો કરી થયાં એ ‘થઇ જશે’માંથી જાણી શકાય.

અધાએ નવીન, પારુલ અને ધાઈમા જેવા થોડું ભણેલાને મેડિકલ વિષયોમાં ઘડીને હોશિયાર બનાવ્યા. બધાં કાર્યોમાં સફળતાની એમની આવી સકારાત્મક વિચારોની દેન છે. દરેક ચેપ્ટર વાંચતા વાંચતા અધાની કલમથી અચૂક આંખ ભીંજાય છે. ધરતીકંપ પછી અધાએ ફૂલ ટાઈમ સેવાના કાર્યો માટે અને સાહિત્ય લખવાના કાર્યમાં અર્પણ કરેલ છે. ૮૭માં વર્ષે પણ એ ચાલુ છે. ‘‘થઇ જશે’’, પણ એ એમની પૂરી કર્મયાત્રા નથી, એવું એમની નજીકના મિત્રો કહી શકે. દાતાઓ પણ સામેથી એમને નાણાં આપી સહકાર આપે છે એ એમની વિશ્વાસ-પાત્રતા છે. પોતે લખે છે કે ‘‘આફત સમયે હાથ જોડી બેસી રહેવું એ મારા સ્વભાવમાં નથી. સેનાપતિ સ્વયં મેદાન મૂકે નહીં’’.

એક જ વ્યક્તિમાં અનેક ગુણો જેવા કે વાક્છટા, વિચારક, કવિ, સાહિત્યકાર, સામાજિક કાર્યકર, સવાયા ડૉક્ટર અને એમની સાથે મિત્રતા બંધાય એને અધા પોતીકો માણસ લાગે એવા ગુણોથી ભરપૂર માણસનો આજના જમાનામાં કોઈ વિચાર પણ ન કરી શકે. એમની આ કર્મયાત્રા હંમેશ માટે ચાલુ રહે એ જ પ્રાથના.

નોંધઃ ‘‘થઇ જશે’’ પુસ્તકનું વિમોચન તારીખ ૦૯-૦૩-૨૦૨૫ના કિંગજ્યોર્જ હાઈ સ્કૂલના હૉલમાં સાંજે ૪ વાગે રાખવામાં આવેલ છે. રસિકજનોને પધારવા આમંત્રણ છે.

સમાધોઘા
મો. : ૮૮૫૦૬૯૨૫૩૫

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**

# મહાકુંભ મહોત્સવ: પ્રયાગરાજ ૨૦૨૫



✻ ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે ✻

ભોજનમાં ભક્તિ ભળે તો પ્રસાદ બની જાય, ભૂખમાં ભક્તિ ભળે તો વ્રત બની જાય, પાણીમાં ભક્તિ ભળે તો ચરણામૃત બની જાય, સફરમાં ભક્તિ ભળે તો તીર્થયાત્રા થઈ જાય, સંગીતમાં ભક્તિ ભળે તો કીર્તન થઈ જાય, ઘરમાં ભક્તિ ભળે તો મંદિર થઈ જાય, ક્રિયામાં ભક્તિ ભળે તો સેવા બની જાય અને વ્યક્તિમાત્રમાં ભક્તિ ભળે તો માનવ મહામાનવ બની જાય.

હાલમાં ચાલી રહેલા મહાકુંભનું સ્થાન પ્રયાગરાજ એટલે ભારતની પૌરાણિક ત્રણ નદીઓ ગંગા, યમુના અને સરસ્વતીનું ત્રિવેણી સંગમ પણ આ મહાકુંભમાં ભાગ લેવા આસ્થા, સાહસ (શારીરિક સુસજ્જતા) અને પ્રારબ્ધનો ત્રિવેણીસંગમ હોવો જરૂરી બની ગયો છે.

**કુંભ મેળાની ઉત્પત્તિ**

હિન્દુ પૌરાણિક કથાઓમાં સમુદ્રમંથનની કથા સાથે કુંભમેળાની ઉત્પત્તિ સંકળાયેલી છે. અમૃત મેળવવા માટે દેવો અને દાનવો વચ્ચે થયેલ હુંસાતૂંસીમાં અમૃતનાં ટીપાં ધરતી પર જ્યાં ચાર સ્થાનો પડ્યાં એ પ્રયાગરાજ (ગંગા, યમુના, સરસ્વતીનો ત્રિવેણી સંગમ), હરિદ્વાર (ગંગા તટ પર), ઉજ્જૈન (ક્ષિપ્રા નદીના તટ પર) અને નાશિક (ગોદાવરી નદીના તટ પર)માં વ્યવસ્થિતપણે કુંભમેળાનું આયોજન ખગોળશાસ્ત્રના આધાર થાય છે.

**કુંભમેળો: ખગોળશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર**

જ્યારે સૂર્ય, ચંદ્ર અને ગુરુ એક સીધી લાઈનમાં કુંભ રાશિમાં આવે ત્યારે કુંભમેળાનું આયોજન થાય છે. પૃથ્વી ૧૨ રાશિઓમાંથી પસાર થઈને લગભગ એક વર્ષમાં સૂર્યને એક પ્રદક્ષિણા પૂર્ણ કરે છે. જ્યારે ગુરુ ૧૨ પૃથ્વીવર્ષ જેટલા સમયમાં સૂર્યને એક પ્રદક્ષિણા પૂર્ણ કરે છે. માટે ત્રણેય એટલે સૂર્ય, ચંદ્ર અને ગુરુ, કુંભ રાશિમાં આવવાનો યોગ બાર વર્ષે એક વખત આવે છે આ સમયે પૂર્ણ કુંભમેળાનું આયોજન થાય છે. આમાં વચ્ચે દર છ વર્ષે અર્ધ કુંભનું પણ આયોજન થાય છે, પણ બારીકીથી આ ગણિતમાં ઊંડા ઊતરીએ તો બાર વર્ષે એક એવા છ પૂર્ણ કુંભમેળાનું આયોજન થયા પછી સાતમો પૂર્ણ કુંભમેળો. છઠ્ઠા પૂર્ણ કુંભમેળા પછી ૧૨ વર્ષે એટલે કુલ ૮૪મા વર્ષે થવો જોઈએ પણ તેને બદલે છઠ્ઠા પૂર્ણ કુંભમેળા પછી ૧૧ વર્ષે સાતમા પૂર્ણ કુંભમેળાનું આયોજન થાય છે.

એટલે ૮૪નો બદલે ૮૩ વર્ષમાં સાત કુંભમેળાનું આયોજન થાય છે.

૧૨ પૂર્ણ કુંભમેળાના આયોજન બાદ ૧૪૪ વર્ષમાં મહાકુંભનું આયોજન થાય છે. ગહોની આ અનુકૂળ દશામાં કુંભના સ્થાન પર નદીના પવિત્ર જળમાં સ્નાન કરવાથી આધ્યાત્મિકતાની એક નવી ઊંચાઈ પ્રાપ્ત થાય છે એવી દ્રઢ માન્યતા છે. કુંભ સ્નાન મનુષ્યાને એ શીખવાડે છે કે આત્મશુદ્ધિ તપસ્યા અને એકતાના માધ્યમથી જીવનમાં સાચું સુખ અને શાંતિ પ્રાપ્ત થઈ શકે છે. સ્નાન એ માત્ર વ્યક્તિગત શુદ્ધિનું પ્રતીક નથી, પણ સામૂહિક આસ્થા અને ભક્તિનું અદ્‌ભુત સંયોજન છે.

શાહી અમૃત સ્નાનનું મહત્ત્વ વિશેષ તિથિઓ પર અમૃત સ્નાન એક સાંસ્કૃતિક પરંપરા છે. આ વિશિષ્ટ તિથિઓમાં નદીનું જળ વિશિષ્ટ દૈવીતત્ત્વ ધારણ કરે છે એવી માન્યતા છે.

આ વર્ષે ગુરુ વૃષભ રાશિમાં અને સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે પ્રયાગરાજ ખાતે મહાકુંભનું આયોજન થયેલ છે. આનાથી પહેલાંનો મહાકુંભ ૧૪૪ વર્ષ પહેલા બ્રિટિશકાળમાં થયો હતો. તેનું સમાધાનકારક વર્ણન ઈતિહાસમાં મળતું નથી. આવે સમયે આધુનિક યુગમાં અને ખાસ કરીને સોશિયલ મીડિયાની બોલબાલા છે એવા સમયે આ મહાકુંભ અનેક કારણોથી એક મોટું ફીનોમીનોન બની ગયેલ છે.

**નાગા બાવા**

હિન્દુ ધર્મ સૌથી પ્રાચીન અને રહસ્યમય સંન્યાસી સમુદાય છે. આ નાગા બાવાઓ સાંસારિક જીવનનો પૂર્ણ ત્યાગ કરીને ભગવાન શિવ પ્રત્યે સમર્પિત રહેતા હોય છે અને કઠોર સાધના કરતા હોય છે. બાકીના સમયમાં તેઓ ક્યાં રહે છે તે એક રહસ્યમય અજાયબી છે. કુંભમેળામાં નાગા બાવાઓ મુખ્ય આકર્ષણ હોય છે. ઘણું માનપાન પામે છે અને અમૃત સ્નાનના તેઓ પ્રથમ હકદાર હોય છે.

**અખાડા**

હિન્દુ ધર્મમાં અખાડા એક વિશિષ્ટ ધાર્મિક અને સામાજિક સંગઠન છે. ધર્મની રક્ષા, પ્રચાર અને સાધના માટે તેઓ જાણીતા છે. સાથે સાથે સાધુઓનો પ્રશિક્ષણ અનો અનુશાસનનું પણ કાર્ય અખાડા કરતા હોય છે. કુંભમેળામાં વિવિધ અખાડાઓ તેમનું શક્તિપ્રદર્શન અને સંગઠનપ્રદર્શન કરતા હોય છે.

**મહાકુંભ પ્રયાગરાજ ૨૦૨૫**

સમગ્ર વિશ્વ જેના આયોજનને લઈને આજે મોમાં આંગળા નાખીને અચરજ પામી રહ્યું છે તે મહાકુંભને લીધે આજે દરેક ભારતીયની છાતી ગર્વથી ફૂલી રહી છે. લગભગ ૪૦૦૦

હેક્ટરમાં ફેલાયેલા ત્રિવેણીસંગમ અને ગંગા તટ પર વિશ્વની સૌથી મોટી ટેન્ટ સિટી, તેમાં ૩૦૦૦થી વધારે સંઘ અને તેમના દ્વારા ચાલતાં રસોડાં, સમગ્ર વિસ્તારમાં પીવાના પાણીના હજારો ATM અને નળ, દોઢ લાખથી વધુ જાહેર શૌચાયલ અને તેની દિવસ-રાત સફાઈ અને જાળવણી માટે સાડા ચાર લાખથી વધુ સફાઈકર્મી અને ૫૦૦૦૦થી વધુ સુરક્ષાકર્મીઓની હાજરી જેવાં વિવિધ કારણોને લીધે મહાકુંભનું આયોજન મૅનેજમેન્ટ સ્કૂલમાં એક જબરજસ્ત ઉદાહરણ બની ચૂક્યું છે. આ હંગામી ટેન્ટ સિટીમાં સેંકડો કિલોમીટર લાંબા બનાવેલા રોડ અને તેને સમતલ બનાવવા કરોડો લોખંડની પ્લેટ્સ, લાખો કિલોમીટર લાંબી બિછાવેલી પાઇપલાઇન તથા અવિરત ઈલેક્ટ્રિક સપ્લાય, આટલી મોટી સંખ્યામાં પધારેલ લોકોનું આવા-ગમન નિયંત્રિત કરવા માટે ઊભી કરાયેલી સિસ્ટમ, ગંગા નદીમાં ઊભા કરેલ ૨૦ જેટલા હંગામી પીપા પુલ (મોટા પીપડા પર બનાવેલ સેતુ) બેરીકેડ્સ, સૂચના માટેના બેરીકેડ્સ, સૂચના માટેના બેનર્સ, સેન્ટ્રલ અનાઉન્સમેન્ટ સિસ્ટમ વોકીટોકી ટ્રાફિક નિયમન, હોસ્પિટલ, નદીઓમાં અર્પણ કરાતાં પુષ્પો, દીવાઓ વગેરે ઉલેચી નદીનું જળ સ્વચ્છ રાખવું. નદીના ઘાટ પર ઊંડાણ ન સર્જાય તે માટે રેતીનું ભરણ, આ બધાં આયોજનનો વિચાર કરતા મગજ બહેર મારી જાય છે. આ માટે ઉત્તર પ્રદેશ સરકાર તથા કેન્દ્ર સરકારનાં વખાણ કરીએ એટલાં ઓછાં છે. સાથેસાથે શ્રદ્ધાળુઓને પ્રેમપૂર્વક આગ્રહથી ભોજન, નાસ્તો તેમ જ ચા પીરસનાર સેંકડો ભંડારાઓ કરોડોની સંખ્યામાં પધારેલ શ્રદ્ધાળુઓના જઠરાગ્નિને શાંત કરે છે.

### મહાકુંભમાં મારી ડૂબકી

૨૦૧૨માં હરિદ્વારમાં પૂર્ણ કુંભમાં સહભાગી થયા બાદ આ મહાકુંભમાં પણ સહભાગી થવાની અદમ્ય ઈચ્છા હતી જ. માત્ર દૈહિક સ્નાન કરવાથી પાપ ધોવાતાં નથી તેવું હું દૃઢપણે માનું છું, પણ સનાતન પરંપરા અને આસ્થાને માન આપી મહાકુંભનો આધ્યાત્મિક અનુભવ કરવો હતો. ફેબ્રુઆરીમાં વ્યસ્તતાને લીધે જાન્યુઆરીના અંતમાં મૌની અમાવસ્યાના અમૃત સ્નાનમાં જવાનું નક્કી કર્યું. મોનાલીસા, આઇઆઇટી બાબા, કિન્નર અખાડામાં મમતા કુલકર્ણી વગેરે પબ્લિસિટી પહેલાં જ ટિકિટો બુક કરી હોવાથી ૨૬ જાન્યુઆરીના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની પહેડીમાં આશીર્વાદ લીધા બાદ પ્રયાગરાજ જવા ટ્રેનમાં પ્રયાણ કર્યું સાથે જીવનસાથી લીનાનો સાથ હતો. અમદાવાદના એક મિત્ર થકી વિશ્વ હિન્દુ પરિષદના ભૂતપૂર્વ મહામંત્રી ડૉ. પ્રવીણ તોગડિયાના કૅમ્પમાં ઉતારો નક્કી હતો. ૨૭ જાન્યુઆરીના પ્રયાગરાજ છીંવકી સ્ટેશન પર ઊતર્યાં ત્યારે અમાવાસ્યાનો ધસારો શરૂ થઈ ગયેલ હતો તેથી શહેરના અને કુંભસિટીના મોટા ભાગના રોડ વાહન વ્યવહાર માટે

સદંતર બંધ હતા. તેથી લગભગ ૧૨ કિલોમીટર જેટલું ચાલીને કૅમ્પમાં ઉતારા પર પહોંચી શક્યાં. લાંબું અંતર ચાલવા માટે લીનાને માનસિક અને શારીરિક રીતે સજ્જ કરી હતી. કૅમ્પમાં તંબુમાં રહેવાનું હતું. રાત્રે તાપમાન લગભગ $5^0C$ હતું, પણ પથારી તથા બ્લૅન્કેટની સગવડ પર્યાપ્ત હતી.

બીજે દિવસે સમગ્ર ટેન્ટ સિટી ફરવા સવારથી ચા-નાસ્તો કરીને નીકળી પડ્યાં હતાં. રસ્તામાં સતત વહેતા માનવમહેરામણ સાથે જોડાઈને સવારથી સાંજ સુધી લગભગ ૨૪ કિલોમીટર જેટલું ચાલીને વિવિધ મંદિરો, અખાડાઓ, તથા અન્ય આકર્ષણો જોયાં. ઘણી જગ્યાએ ભીડ તથા ઘસારાને લીધે બંધ હોવાથી ચૂકી પણ ગયા. સંગમમાં સ્નાન કરીને ડૂબકી લગાવીને ધન્યતા અનુભવી. નાવ પણ બંધ હતી, તેથી કિનારા પર સંતોષ માનવો પડ્યો. કરોડોની સંખ્યામાં ઊમેટલી ભીડ જોવાનો અવિસ્મરણીય આનંદ હતો. ક્યાંય ધક્કામુક્કી નહીં, વાદવિવાદ નહીં, ગાળાગાળી, મારામારી નહીં બધા એક અનુશાસનથી શાંતચિત્તે પોતાનો સામાન સાચવી ને પોતાના લક્ષ્ય તરફ આગળ વધતા હતા. ઉતારાની અનિશ્ચિતતાવાળા લોકો સરકારના જન આશ્રય સ્થળ અને અન્ય કૅમ્પના સાર્વજનિક તંબુમાં આશરો લેતા હતા. માત્ર અને માત્ર અખૂટ શ્રદ્ધાના બળથી અનેક અડચણોનો સામનો કરીને સ્નાન કરવાનું લક્ષ્ય પૂર્ણ કરતા હતા. દિવસ-રાત્રીનો ભેદ ભૂંસાઈ ગયો હતો. માર્ગો ઉપર માણસોનો અવિરત પ્રવાહ ચાલુ હતો.

ત્રીજા દિવસે એટલે મૌની અમાવસ્યાના દિવસે સવારે ચા-નાસ્તો કરીને પાછાં સંગમ તરફ જવા નીકળ્યાં હતાં, પણ આઠ કરોડથી વધુ જનતાનો અભૂતપૂર્વ ધસારો જોઈને પ્રશાસને ઘણાં ડાઈવર્ઝન કર્યાં હતાં. જેથી બધા લોકો સંગમ તરફ ન જતા ગંગા નદીના ૯ કિલોમીટર લાંબા તટ પર બંને બાજુ ડૂબકી લગાવીને સ્નાન પૂર્ણ કરીને પોતાના સ્થાન પર પાછા જાય એવી વ્યવસ્થા કરી હતી. વહેલી સવારે લગભગ બે વાગ્યે ૧૯ નંબર પુલ પાસે ધક્કામૂક્કી થવાથી અમુક લોકો ચગદાઇ ગયાના ઊડતા સમાચાર આવ્યા પણ લોકોમાં લેશમાત્ર ભય નહોતો. સ્વયંસ્ફુરિત શિસ્તથી બધું સંચાલન થતું હતું સંગમ સ્નાન અનો અમુક નવાં ઠેકાણાંની મુલાકાત પતાવીને કૅમ્પમાં સાંજે પાછાં ફર્યાં ત્યારે લગભગ ૧૮ કિલોમીટર પગે ચાલ્યાં હતાં. તે સાંજે અમારા કૅમ્પમાં શરૂ કરેલ મેડિકલ ડિસ્પેન્સરીમાં પણ હાજરી આપીને સેકડો શ્રદ્ધાળુઓને વિવિધ વ્યાધિ માટે દવાઓ ડિસ્પેન્સ કરી હતી. તે દિવસે ભારતની કુલ જનસંખ્યાના લગભગ સાત ટકા જેટલી વસ્તી પ્રયાગરાજમાં હાજર હતી.

લોકોનો અવિરત આવતો પ્રવાહ રોકવા પ્રયાગરાજનાં બધાં જ રેલવેસ્ટેશન પર ટ્રેનોની અવરજવર બંધ કરવામાં આવી હતી.

રોડ-રસ્તાઓમાં પણ બધાં વાહનોને ૧૦ થી ૧૨ કિલોમીટર દૂર રોકવામાં આવ્યાં હતાં. આ પરિસ્થિતિની અસર એમ થઈ કે પ્રયાગરાજથી નીકળવા માગતા લોકોને પણ વાહન-વ્યવહાર ઉપલબ્ધ ન થતા લાંબા અંતર સુધી પગપાળા જવું પડ્યું. ચોથે દિવસે અમે પણ પ્રયાગરાજથી વારાણસી જવા સવારે ૧૦ વાગે નીકળ્યા ત્યારે સામાન સાથે પહેલા ઝુંસી ગામ સુધી લગભગ પાંચ કિલોમીટર ચાલીને પહોંચવાનું હતું અને ત્યાંથી ટૅક્સી લેવી હતી. ત્યાં પહોંચ્યાં પછી ખબર પડી કે પાર્કિંગમાંથી નીકળેલાં બધાં વાહનોએ આડેધડ ડ્રાઇવિંગ કરીને બધા જ રસ્તાઓ કંઈક કિલોમીટર સુધી જામ કરી દીધેલ હતા. લેનની શિસ્ત પાળ્યા વગર રોડ સાઈડથી ગાડીઓ ચલાવવાને કારણે જામ સર્જાયો હતો. વારાણસી, ભદોહી, જૌનપુર, મિરઝાપુર તરફ એસટીની સેંકડો બસ અને પ્રાઈવેટ ગાડીઓ અટવાઈ હતી. તેથી વધારાના સાત કિલોમીટર ચાલીને છેક સાંજે ૫ વાગે અંદાવા સર્કલથી વારાણસીની ટૅક્સી મેળવવા સફળ થયા. વારાણસીમાં પણ લગભગ કુંભ જેવી જ પરિસ્થિતિ હતી. બધા જ ઘાટ અને નાની ગલીઓ માનવ મહેરામણથી ઊભરાતી હતી. બાબા કાશી વિશ્વનાથનાં દર્શન માટે ચારેય ગેટ પર ૮ થી ૧૦ કલાક સુધી પ્રતીક્ષા કરવી પડે તેટલી લાંબી કતાર હતી. આ અભૂતપૂર્વ ધસારાને



કારણે પ્રશાસને ગંગા આરતીનો કાર્યક્રમ અમુક દિવસ સુધી મુલતવી રાખી દીધેલ હતો. આમ સમગ્ર કુંભમાં અત્યંત ભીડવાળા સમયગાળામાં અમારી મુલાકાત માટે સર્વોચ્ચ સમાધાન અને આનંદની સાથે સાથે અમુક વસ્તુઓ છૂટી જવાના નાનકડા વસવસા સાથે વારાણસીથી ફ્લાઇટ પકડી ઘર ભેગા થયા. મોબાઇલમાં પીડોમીટર આ પાંચ દિવસ દરમિયાન લગભગ ૭૧ કિ.મી. પગપાળાની ગણતરી બતાવતું હતું.

**નકારાત્મક બાજુ**

ધાર્યા કરતાં ઘણી વધારે આવેલ મેદનીને કંટ્રોલમાં રાખીને સરળતાથી બધાને કુંભ સ્નાન કરવા મળે તેવી અભૂતપૂર્વ વ્યવસ્થા ગોઠવવામાં પ્રશાસન મહદંશે સફળ હતું.

હજારો કચરાપેટી હોવા છતાં રસ્તા પર જ કચરો ફેંકવો. લાખો ટૉઈલેટ હોવા છતાં ખુલ્લામાં શૌચ કરવું, પાન, મસાલા,

ગુટખા ખાઈને થૂંકવું, પાણીના નળ ખૂલ્લા છોડી દેવા, પાણીની બૉટલો ગમે ત્યાં નાખવી. આ બધી આદતો ભારતીયના ડીએનએમાં બહુ ઊંડે વણાઈ ગયેલ છે. ઍરોપ્લેન હોય કે ટ્રેનના એસી કમ્પાર્ટમેન્ટ હોય, યાત્રા પતે ત્યારે એક આંટો મારીએ ત્યારે કહેવાતા શિક્ષિત લોકો દ્વારા પણ ગંદકી ફેલાવવાની આદત ઉપર ઘૃણા ઊપજે.

પ્રયાગરાજ કુંભ સિટીમાં સમગ્ર વિશ્વ અચંબિત થઈ જાય તેવી સગવડ અને વ્યવસ્થા આપનાર સરકાર પ્રયાગરાજ આવવા અને જવા માટે ટ્રાફિક નિયમનમાં ક્યાંક ઊણી ઊતરી હતી. બાકી સરકારની કમી ગોતવાનો એકમાત્ર ધ્યેય રાખતા વિપક્ષો, નેગેટિવ નેરેટિવ ફેલાવનાર ચૅનલો અને સોશિયલ મીડિયાનું શું કહેવું !! કુંભમાં હાજર રહેલ સંતો, મહાત્મા, સેવાભાવી સંસ્થાઓ વિશે સકારાત્મક સંકલન કરવાને બદલે સસ્તી પબ્લિસિટી મેળવવા સનસનીખેજ ન્યૂઝ ઉપર જ વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

આ લેખ લખી રહ્યો છું ત્યારે મહાકુંભમાં સાતમાંથી છ અમૃત સ્નાન સંપન્ન થયેલ છે અને કુલ શ્રદ્ધાળુઓની સંખ્યા ૫૦ કરોડ પાર કરી ગઈ છે. મહાશિવરાત્રીના કુંભ પૂર્ણ થશે ત્યારે સમગ્ર પૃથ્વી પર માનવજાતની આઠ થી નવ ટકા વસ્તી પ્રયાગરાજની મુલાકાત કરી ચૂકી હશે.એ કોઈ નાની સુની ઘટના નથી. ભૂતકાળના દરેક રેકોર્ડ તોડીને આ મહાકુંભ મેળાએ હિન્દુત્વના જ્વલંત ઉદાહરણ થકી ખરાબ મનસૂબા ધરાવતા વિધર્મીઓના મનમાં પણ એક ધાક બેસાડી દીધી છે.

કુંભમેળામાં ફક્ત અશિક્ષિત, ગમાર અને ગરીબ લોકો જ ભાગ લે છે એવી માન્યતાના ભુક્કા બોલી ગયા છે. કરોડો ઉચ્ચ શિક્ષિત લોકો એ પણ આસ્થાપૂર્વક આ કુંભમાં ભાગ લીધો છે. સ્ટીવ જોબ્સની પત્ની લોરેન્સ પૉવેલ જોબ્સ હોય કે કોલ્ડપ્લેનો સિંગર ક્રિસ માર્ટિન હોય કે ૭૦૦ કરોડની માલિક સુધા મૂર્તિ હોય કે એશિયાના સૌથી ધનાઢ્ય અંબાણી પરિવાર... આ બધાં સનાતન પરંપરાને માન આપીને કુંભમેળામાં સહભાગી થયાં છે.

ધર્મ ઉપર આસ્થા રાખીને એક આમ આદમી કઠિનમાં કઠિન પરિસ્થિતિ પાર કરવાનો આત્મવિશ્વાસ કેળવે છે. સાયકોલૉજિસ્ટ અને બૌદ્ધિકો પાસેથી પ્રેરણા જેમને નથી મળતી એવા કરોડો લોકો ઈશ્વર પર અતૂટ શ્રદ્ધા રાખીને મોટીવેશન મેળવી લે છે.

ધાર્મિક, સામાજિક અને આર્થિક રીતે આ મહાકુંભમેળાએ એક જબરદસ્ત ક્રાંતિ આણી છે.

હર હર મહાદેવ, નમામિ ગંગે.

# ૧૯૪૪ના ગોદીના ધડાકા



વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ

૧૯૪૪ના એપ્રિલની ચૌદમી તારીખે એવી એક ઘટના બની જેનાથી આખું મુંબઈ હચમચી ગયું હતું. મુંબઈ ગોદીમાં બ્રિટિશ સ્ટીમર સ્ટાઇકિનમાં ધડાકો થયો અને આઠસોથી વધુ લોકો મોતના મોઢામાં ધકેલાઈ ગયા હતા. આશરે ત્રણ હજાર લોકો ઘવાયા હતા. આશરે એંસી હજાર લોકો ઘરબાર વગરના થઈ ગયા હતા. એ ગોદી ધડાકાએ મુંબઈના કચ્છીઓની દશા અને દિશા બદલવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

બ્રિટિશ નૌકા સેનાની સ્ટીમર ૧૯૪૪ની ત્રીસમી માર્ચે કરાંચી પહોંચી હતી. તેમાં રૉકેટ, બૉમ્બ, સુરંગ, ટોરપીડો, વગેરે લડાઈનો સ્ફોટક સરંજામ હતો. આ સ્ફોટક સામાન મુંબઈ ઉતારવાનો હતો. લાકડાંનાં એકત્રીસ ખોખાંમાં સોનાની પાટો ભરી હતી. એક એક પાટનું વજન લગભગ તેર કિલો હતું. આ ઉપરાંત સ્ટીમર પર સુપર બાર વિમાન હતાં. ગ્લાઇડર્સ અને દારૂગોળો હતો. આમાંનો કેટલોક સામાન કરાંચી ઉતારવાનો હતો. કરાંચી પહોંચ્યા પછી સામાન હેમખેમ ઊતરી ગયો.

હવે સ્ટીમરમાં જે જગ્યા ખાલી થઈ તે ભરવા તેમાં કપાસની અંદાજે નવ હજાર ગાંસડી ભરાઈ. આ ઉપરાંત ખાલી જગ્યા બચી એટલે લુબ્રિકેટિંગ ઑઈલનાં એક હજાર પીપડાં લદાયાં. આવી જાતભાતની જ્વલનશીલ સામગ્રી લાદવા સામે સ્ટીમરના કૅપ્ટને વાંધો લીધો. પણ ઑથોરિટી પાસેથી હુકમ આવ્યો કે અત્યારે વૉર ટાઈમ ચાલે છે. એટલે માલ લઈ જવો પડશે. સ્ટીમરે લંગર ઉપાડ્યું ત્યારે ખલાસીઓનું ધ્યાન ગયું કે લુબ્રિકેટિંગ ઑઇલનાં કેટલાંક પીપ કાણાં હતાં અને તેમાંથી તેલ ઝમી રહ્યું હતું !

આવો ખતરનાક સામાન ભરીને આ સ્ટીમર નવમી એપ્રિલે કરાંચીથી રવાના થઈ. બારમી એપ્રિલે આ જોખમી સ્ટીમર મુંબઈના વિક્ટોરિયા ડૉક ખાતે આવી પહોંચી એ દિવસે ત્યાં બીજી તેર સ્ટીમરો નાંગરેલી હતી. બાજુના પ્રિન્સેસ ડૉકમાં બીજી દસ સ્ટીમર હતી. માલ ઉતારવાનું કામ ચૌદમી તારીખે સવારે શરૂ થયું.

બપોરના કેટલાક ખલાસીઓનું ધ્યાન ગયું કે બે નંબરના હોલ્ડમાંથી ધુમાડો

નીકળી રહ્યો છે. તાબડતોબ ખલાસીઓ અને બંદરના માણસોએ મળીને નવસો ટન જેટલું પાણી છાંટ્યું, પણ આગ બુઝાઈ નહિ. બંદર પરથી આવેલા નિષ્ણાતોએ સલાહ આપી કે તાબડતોબ સ્ટીમરને બંદરથી બને તેટલી દૂર લઈ જવી જોઈએ. જેથી બીજી સ્ટીમરો અને બંદરને ઓછું નુકસાન થાય, પણ કૅપ્ટને કહ્યું કે આમ કરવું શકય નથી, કેમકે તેના એન્જિનમાં સમારકામની જરૂર હતી. એટલે એન્જિન ચલાવી શકાય તેમ નહોતું અને સ્ટીમરને ટગ કરીને (ખેંચીને) લઈ જતાં તો ઘણો સમય લાગે.

જે જહાજમાં દારૂગોળો કે બીજી સ્ફોટક સામગ્રી હોય તેના ઉપર લાલ રંગનો ઝંડો ફરકાવવાનો હોય છે જેથી દૂરથી પણ ખબર પડી જાય કે આ સ્ટીમરમાં જોખમી માલ છે પણ બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું એટલે આ રીતે લાલ ઝંડો ફરકાવવાનું બંધ કરવામાં આવ્યું હતું. જેથી લાલ ઝંડો જોઈને તો દુશ્મન તરત તેના પર હુમલો ન કરે. શરૂઆતમાં તો આગ બુઝાવવા માટે બંદર પરથી બે જ બંબા મોકલાયા. પછી જ્યારે સ્ટીમરમાં શું ભર્યું છે તેની ખબર પડી ત્યારે બને તેટલી ઝડપથી બીજા આઠ બંબા આવી પહોંચ્યા. દરમ્યાન બીજો એક ઉપાય સૂચવાયો આખેઆખી સ્ટીમરને દરિયાના પાણીમાં ડૂબાડી દેવી, પણ પછી ખ્યાલ આવ્યો કે જ્યાં સ્ટીમર નાંગરેલી છે ત્યાં પાણી એટલું ઊંડું નથી કે આખેઆખી સ્ટીમર તેમાં ડૂબી શકે.

અત્યાર સુધીમાં એટલું પાણી રેડાયું હતું કે કપાસની સળગતી ગાંસડીઓ તરવા લાગી હતી અને આગ એટલી વિફરી હતી કે સ્ટીમર પર જમા થયેલું પાણી ઊકળવા લાગ્યું હતું. બળતી ગાંસડીઓ તરતી તરતી જ્યાં દારૂગોળો ભર્યો હતો ત્યાં પહોંચી ગઈ. સવા ત્રણ વાગે કેટલોક દારૂગોળો સળગવા લાગ્યો. તેનો કાળો ધૂમાડો ચોમેર ફેલાવા લાગ્યો. સળગતા દારૂગોળાને કારણે બળતી ગાંસડીઓ ઊંચે ઊંડીને આસપાસ પડવા લાગી. બપોરે અંદાજે સાડા-ત્રણ વાગ્યે આગનો પ્રચંડ ભડકો ઊઠ્યો જે જહાજના કૂવા થંભ કરતાંય ઊંચો હતો. આ જોઈને કૅપ્ટનો તરત જ બૂમ પાડીનો બધા ખલાસીઓને સ્ટીમર છોડી દેવાનો હુકમ કર્યો. બધા ખલાસીઓ તો બચી ગયા પણ ભયંકર વિસ્ફોટ થતાં કૅપ્ટન નાઇસ્મિથના ટુકડે ટુકડા થઈ ગયા. એ મૃત્યુ પામ્યા. એમના દેહનો કોઈ અવશેષ હાથ આવ્યો નહીં.

બંદર પરના અધિકારીઓ બળતું જહાજ છોડીને હવે બંદરને બચાવવા દોડ્યા. તે પછી સાડા-ચાર વાગ્યે બીજો ભયંકર વિસ્ફોટ થયો. ઠેઠ બાર કિલોમીટર દૂરનાં મકાનોની બારીના કાંચ પણ ભાંગીને ભુક્કો થઈ ગયા. સ્ટીમરના તો બે કટકા થઈ ગયા અને તેનું

સાબૂત રહેલું બોઈલર ઊડીને અડધો માઈલ દૂર કિનારા પર પડ્યું. દરિયાનાં પાણીમાં એટલાં તો મોટાં મોજાં ઊછળ્યાં કે એક સ્ટીમર ઊછળીને બંદરના ગોડાઉનના છાપરા પર જઈ પડી!! પહેલો ધડાકો થયો એ જ ક્ષણે બંદર પરના ટાવરની ઘડિયાળ બંધ પડી ગઈ. એપ્રિલના બળબળતા ઉનાળામાં મુંબઈમાં ઠેરઠેર સળગતી ગાંસડીઓનો, સોનાની પાટોનો, લુબ્રિકેટિંગ ઓઈલનાં પીપડાંનો વરસાદ વરસ્યો, કહો કે મોતનો વરસાદ વરસ્યો, જેમાં કેટલાય લોકો મૃત્યુ પામ્યા. મૃત્યુ પામનાર અને જબરજસ્ત નુકસાની પામનારમાં કેટલાય કચ્છીઓ હતા.

ફોર્ટ સ્ટાઇકિનની આજુબાજુ નાંગરેલી બીજી સ્ટીમર પણ જોતજોતામાં બળવા કે ડૂબવા લાગી. અગ્નિશમન દળના માણસોએ આગ બુઝાવવાની મહેનત ચાલુ રાખી. બંદરના અને બૉમ્બે ફાયર બ્રિગ્રેડના કેટલાય કર્મચારી તેમાં બળીને રાખ થઈ ગયા. મુંબઈ શહેરના અનેક ભાગો આગમાં બળવા લાગ્યા. ગોદી નજીકનાં ગોદામોમાં ભરેલો બધો માલ બળીને ખાખ થઈ ગયો.

લોકોની નાસભાગ શરૂ થઈ ગઈ. લોકોએ માની લીધેલું કે જાપાને મુંબઈના બંદર પર પણ હુમલો કર્યો છે. વિસ્ફોટ બંદર વિસ્તારમાં થયો હતો એટલે લોકો ત્યાંથી બને તેટલા દૂર ભાગવા મહેનત કરતા હતા, પણ આકાશમાંથી વરસતી સોનાની પાટો અને કપાસની ગાંસડીઓ તેમનો જીવ લેશે એનો તો કોઈને ખ્યાલ નહોતો. બંદર પર અને શહેરમાં લાગેલી બધી આગ પૂરેપૂરી બુઝાવતા ત્રણ દિવસ થયા.

એ વખતે બીજું વિશ્વયુદ્ધ ચાલુ હતું અને દેશમાં કડક લશ્કરી સેન્સરશિપ લાગુ હતી એટલે નાનકડો અહેવાલ જ છાપાએ છાપવો પડ્યો હતો. યુરોપ-અમેરિકાનાં છાપાંઓએ તો આ સમાચાર છાપ્યા જ નહોતા! બીજા દિવસે જાપાનના રેડિયો સાઈગોને સમાચાર આપ્યા ત્યારે દુનિયાને આ ભયંકર ઘટનાની ખબર પડી. આ દુર્ઘટનામાં અગ્નિશામક દળના ૭૧ જવાનો માર્યા ગયા હતા. મુંબઈના અગ્નિશમન દળની ભાયખલામાં આવેલી વડી કચેરી ખાતે તેમના માનમાં સ્મારક ઊભું કરવામાં આવ્યું છે અને સરકારે દર વર્ષે ચૌદમી એપ્રિલ 'નેશનલ ફાયર સર્વિસ ડે' તરીકે ઊજવવાનું શરૂ થયું.

પાંચ લાખ ટન જેટલો અધધધ કાટમાળ ખસેડતા આઠ હજાર મજૂરોને સાત મહિના લાગ્યા. બધો કાટમાળ બેક-બેના દરિયામાં ઠલવાયો હતો. એ કાટમાળ પર જ પૂરણી કરી આજનો નરિમાન પૉઈન્ટનો વિસ્તાર ઊભો થયો છે. પણ આ દુર્ઘટનાએ કચ્છીઓ માટે ભાગ્ય પલટાવનાર સાબિત થઈ, કારણકે એ સમયે મોટા પ્રમાણમાં કચ્છી કુટુંબો

ભાતબજાર, મસ્જીદબંદર, સેન્ડહર્સ્ટ રોડ, ઇત્યાદિ વિસ્તારમાં રહેતાં હતાં. બધાનો મોટા ભાગે અનાજ અને કપાસનો કારોબાર હતો.

પણ ગોદીધડાકામાં અહીં ઘણાં ઘરોમાં નુકસાન થયું હતું. જાનમાલની ખુવારીથી ડરીનો લોકો માટુંગા, સાયન, મુલુંડ, બોરીવલી ઈત્યાદિ અનેક વિસ્તારોમાં રહેવા જતા રહ્યા. બહુ ઓછા લોકોએ ત્યાં જ રહેવાનું પસંદ કર્યું. ઘણા લોકો તો ધંધો-વ્યવસાય પણ દૂર પરાંમાં લઈ ગયા. ત્યાં સખત મહેનત અને ભાઈચારાના ભાવથી વિકાસ સાધ્યો.

ચાર વર્ષમાં તો દેશ આઝાદ થયો અને કચ્છનાં ગામડાંમાંથી સંખ્યાબંધ લોકો મુંબઈ આવી વિવિધ વિસ્તારોમાં ફેલાઈ ગયા અને આર્થિક વિકાસ કર્યો. જો ગોદીધડાકા ન થયા હોત તો કદાચ આ બધા લોકો મસ્જીદ બંદરના આજુબાજુના વિસ્તારમાં જ આવીને અનાજ કે કપાસનો જ વ્યાપાર કરત. તો તો કદાચ કચ્છીઓ આટલા બધા વિવિધ ધંધા-વ્યવસાયમાં હાથ ન અજમાવત. આમ કચ્છીઓના પ્રચંડ વિકાસમાં ક્યાંક ને ક્યાંક ગોદીધડાકાએ ભાગ ભજવ્યો છે.

મો. : ૯૭૫૭૪૦૫૮૭૨


# મુલચંદ લાલજી એન્ડ કાં.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.



# ભજ પઈ

✻ મણિલાલ લક્ષ્મીબેન પ્રેમજી દેઢિયા ✻

ભજ પઈ એ આપણા સમાજમાં એક પ્રચલિત શબ્દ છે. આ શબ્દનાં મૂળ અગાઉના મુંબઈ રાજ્યમાંથી વિભાજિત થઈ નવસર્જિત થયેલા મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યની રચના માટે થયેલ લાંબી ચળવળ સાથે સંકળાયેલો છે. આવી રાજ્ય વિભાજનની ચળવળ વખતે દેશના પ્રામાણિક નાગરિકોને ઘણુંબધું સહન કરવાનો વારો આવે છે. આવી જ એક ચળવળ જ્યારે હું ફક્ત છ વર્ષનો હતો ત્યારે મારી બાલ્યાવસ્થામાં જોઈ તે પગદંડીના વાચકો સમક્ષ મૂકવાનો એક વિચાર થયો જે હું આજે આપની સમક્ષ રજૂ કરુ છું.

મારા દાદા અને પરદાદા ઘણાં વર્ષો પહેલાં જ આજના આ મુંબઈ શહેરમાં ધંધાર્થે ગ્રાંટ રોડ વિસ્તારમાં આવી ગયા હતા અને કરિયાણાની દુકાન ચલાવતા હતા. મારા પિતાજીએ પણ ઓછી મૂડીથી સ્વતંત્ર વ્યવસાય કરવા મુંબઈ શહેરના પરા વિસ્તાર ડોંબિવલીમાં સને ૧૯૫૦ની આસપાસ કરિયાણાની દુકાન શરૂ કરી હતી. તે સમયે મહારાષ્ટ્ર અને ગુજરાત સાથે મળીને મુંબઈ એક દ્વિભાષી રાજ્ય હતું. દેશની આઝાદીની ચળવળ વખતે ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ એટલે કે હાલના કૉંગ્રેસ પક્ષે આઝાદી પછી આ દેશમાં ભાષાવાર રાજ્યોની રચનાની ખાતરી આપેલ, પરંતુ આઝાદી પછી નહેરુ અને સરદાર પટેલને આ પ્રકારની રાજ્યોની રચના દેશની અખંડિતતા સામે ભયજનક લાગવા લાગી. તે વખતના રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના વડા ગોલવલકર પણ આ પ્રકારની રાજ્યોની રચનાની વિરુદ્ધ હતા. અલગ મહારાષ્ટ્રની ચળવળ માટે તા.૬-૨-૧૯૫૬ના રોજ પુનામાં સંયુક્ત મહારાષ્ટ્ર પરિષદની સ્થાપના થઈ. આ ચળવળમાં એસ. એમ. જોશી, અમૃત ડાંગે, એન. જી. ગારે, પ્રહલાદ કેશવ અત્રે, ભાઈ ઉદ્ધવરાવ પાટીલ, અહિલ્યા રાંગણેકર, તારા રેડ્ડી અને પ્રમીલા દંડવતે અગ્રગણ્ય હતાં. તે જ પ્રમાણે હાલના ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરમાં પણ અલગ ગુજરાત રાજ્ય માટે ઈન્દુલાલ યાજ્ઞિક લડત ચલાવી રહ્યા હતા.

હવે આ ઉગ્ર આંદોલન વખતે ડોંબિવલીમાં શું પરિસ્થિતિ હતી તે જણાવું. આ આંદોલનના દિવસો દરમ્યાન દિવસભર લોકોનાં ટોળાં 'સંયુક્ત મહારાષ્ટ્ર ઝાલાચ પાહીજે'ના નારા

સાથે ડોંબિવલીમાં ફરતાં હતાં અને રોડ પર અન્ય પ્રાંતમાંથી આવેલા જે જે લોકોની દુકાનો હતી તેની ઉપર પથ્થરમારો કરતા હતા. હવે અહીં અન્ય પ્રાંતમાંથી આવેલા લોકો એટલે બીજા કોઈ નહીં પણ આપણા કચ્છી સમાજના જ લોકો હતા. તે વખતે અમારી દુકાન વેલજી દેવન છેડાની ચાલમાં હતી જે લગભગ આજે દેઢિયા નિવાસના નામે ઓળખાય છે. જ્યારે જ્યારે આવાં ટોળાંના અવાજ સંભળાય ત્યારે મારા પિતાજી તરત જ દુકાનના દરવાજા બંધ કરી દેતા હતા. હાલ દુકાનોના દરવાજા માટે રોલીંગ શટર વપરાય છે, પણ તે વખતે લાકડાના ઊભાં પાટીયાં વપરાતાં હતાં. મોટા ભાગના દુકાનદારો દુકાનની પાછળનાં ભાગમાં રહેતા હતા. આમ અમારું આખું કુટુંબ આવા તોફાનીઓથી બચવા અંદરથી બંધ એવી આ દુકાનની અંદર પુરાઈને રહેતું હતું. ત્યારે હું નાનો હતો, પણ એક બાળકની કુતૂહલતાવશ પ્રમાણે હું પણ દુકાનનાં ઊભાં પાટીયાંની તિરાડોમાંથી તોફાની ટોળાંને જોતો હતો. આવા તોફાની ટોળાંના હાથમાં મોટા મોટા પથ્થરો હતા.

આજે પણ મારી આંખોમાં તે વખતનાં બિહામણાં દ્રશ્યો તરવરી રહ્યાં છે. આવાં તોફાનો મુંબઈના અન્ય વિસ્તારો જેવા કે દાદર, પરેલ, લાલબાગ, ચિંચપોકલી, વરલી અને પ્રભાદેવીમાં પણ દાવાનળની જેમ ફાટી નીકળ્યાં હતાં. આવી તંગદિલીભરી પરિસ્થિતિમાં પોતાની જાત તેમ જ પોતાના પરિવારને બચાવવા પોતપોતાની દુકાનો એમ ને એમ બંધ કરી આપણા સમાજના કેટલાક પરિવારો કચ્છ તરફ હિજરત કરવા લાગ્યા. હિજરતની આ પ્રક્રિયાને આજે પણ આપણો સમાજ 'ભજ પઈ' શબ્દથી ઓળખ આપી રહ્યો છે. આવા સમયે લગભગ આપણા સમાજે કચ્છ તરફ હિજરત કરવા માગતા પરિવારો માટે ચિંચપોકલી મહાજન વાડીમાં આશ્રયસ્થાન જેવી વ્યવસ્થા ઊભી કરી હતી. મારા પિતાજીએ પણ પરિવાર સાથે ડોંબિવલીની દુકાન એમ ને એમ બંધ કરી ચિંચપોકલી મહાજન વાડીમાં આશ્રય લીધો. અમારા જેવાં ઘણાં પરિવારો ત્યાં ભેગા થયા હતા. તે પછી અમારો પરિવાર સ્ટીમર મારફતે કચ્છ ભેગો થઈ ગયો. તે સમયે કહેવાય છે કે સ્ટીમરો ભરીભરીને લોકાએ કચ્છ તરફ પ્રયાણ કર્યું હતું અને આ કચ્છની સ્ટીમરોનું ટિકિટભાડું આપણા સમાજે ભોગવ્યું હતું.

દ્વિભાષી મુંબઈ રાજ્યના તે વખતે મોરારજી દેસાઈ મુખ્ય મંત્રી હતા અને આ તોફાનોને ડામવા પોલીસે ગોળબાર પણ કરવો પડયો હતો. આ પોલીસ ગોળીબારમાં ૧૦૬ માણસો મરણ પામ્યા હતા. આ મૃતકોની યાદમાં ફ્લોરા ફાઉન્ટન ખાતે એક સ્મારકઊભું કરવામાં આવેલ છે જેને હુતાત્મા ચોકના નામે આજે આપણે ઓળખીએ છીએ. આખરે તા. ૧લી મે, ૧૯૬૦ના દિવસથી મહારાષ્ટ્ર અને ગુજરાત નામનાં બે નવાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યા.

સને ૧૮૫૭માં આ મહાન દેશની પ્રજા જે અનેક નાનાં મોટાં રજવાડાંમાં વહેંચાયેલી હતી તે એકત્ર થઈ અંગ્રેજોના શાસનમાંથી મુક્ત થવા એક જોરદાર લડતની સંગઠિત થઈ, શરૂઆત કરી અને અનેક લોકોએ આ સ્વાતંત્ર સંગ્રામમમાં પોતાના પ્રાણોની આહુતિ આપી. સો વર્ષ પછી એટલે કે સને ૧૯૫૭માં આ દેશના સંકુચિત માનસ ધરાવતા કેટલાક લોકોએ આપણા દેશને મળેલ મહામૂલ્ય આઝાદીના પાયામાં કુહાડીના ઘા મારવાનું શરૂ કરી દીધું. આ તે કેવી વિધિની વક્રતા. દેશની આઝાદી માટે જે ઝનૂનથી લડ્યા હતા તેનાથી પણ વધારે ઝનૂનથી આ સંકુચિત માનસ ધરાવતા લોકોએ ભાષાવાર પ્રાંતોની રચના માટે આંદોલનોમાં ભાગ લીધો. દેશની ઝડપી પ્રગતિ માટે દેશપ્રેમ અને દેશભક્તિની જરૂરત હોય છે.

ભારત દેશમાં ફરીથી ગોરખાલૅન્ડ, બોડોલૅન્ડ અને વિદર્ભના નામથી અલગ રાજ્યોની માંગણીઓ ગુંજવા લાગી છે. દેશના ઝડપી વિકાસ માટે શાંતિનું વાતાવરણ અનિવાર્ય છે. અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવા આ દેશના હજારો નવયુવાનોએ પોતાના પ્રાણોની આહુતિ આપી છે. આ આહુતિઓ એળે ન જાય તે જોવાનું આ સ્વતંત્ર દેશના નાગરિકોનું કર્તવ્ય છે.

અંતમાં પ્રભુ પાસે એક જ પ્રાર્થના કરું છું કે આ દેશના સર્વ નાગરિકોને સદ્‌બુદ્ધિ આપે અને મારો આ ભારત દેશ વિશ્વમાં મોખરાનું સ્થાન ધરાવતો થઈ જાય.

ચિંચપોકલી મહાજન વાડીમાં શરૂઆતમાં એક હૉલ છે અને તેની ઉપર ટેરેસ છે. આ ટેરેસમાં અમારા જેવા ગભરાયેલા પરિવારો ભેગા થયા હતા. આ ટેરેસ બાબત સ્થાનકવાસી મહાજનના હાલના સેક્રેટરી શ્રી રાજેન ભાનુબેન કાંતિલાલ ધરોડ (લુણી) એ પણ ઉમેર્યું કે ટેરેસ સાથેનો આ હૉલ ૧૦૦ વર્ષથી પણ જૂનો છે, એટલે શક્ય છે કે એ સમયે લોકોએ ત્યાંજ આશ્રય લીધો હશે.

---

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
**CA સંજય ચંદનબેન વિસનજી છેડા**
**૯૮૯૨૮૧૫૩૬૭**

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

- તંત્રી

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પિતાનો પુત્ર પ્રેમ



* રાજેશ જવેરબેન નરશી સાવલા *

- ગુજરાતી ભાષાના સાહિત્ય જ નહીં, પણ દરેક ભાષાના સાહિત્યમાં માતાના પ્રેમને જ મહત્ત્વ અપાયું છે. માતા નવ મહિના બાળકને પોતાના ગર્ભમાં સાચવે છે, એનો બોજ સહન કરે છે. બાળકના જન્મ વખતે પ્રસૂતિની પીડા ભોગવે છે અને તેથી કદાચ બાળક માતા સાથે વધારે નિકટતા અનુભવે છે, પણ આ કારણથી પિતાના પ્રેમ અને બલિદાનને ઓછાં ન આંકી શકાય.

- પુત્ર અને પિતાનો લોહીનો સંબંધ, આંગળી ઝાલી પા પા પગલીનો સંબંધ અને છતાં પિતા-પુત્ર વચ્ચેના સંબંધોના ક્યાંય કોઈ ઉલ્લેખ નહીં ન કવિતાઓમાં, ન સાહિત્યમાં, ન ગીતોમાં.

- માતા-દીકરી, પિતા-દીકરી, માતા-દીકરો- આ દરેક સંબંધ વિશે લખાતું, વંચાતું, અનુભવાતું આવ્યું છે. ફક્ત નથી લખાતું, વંચાતું કે અનુભવાતું પિતા-પુત્ર વચ્ચેના ઋણાનુબંધ વિશે.

- ગુજરાતી ફિલ્મ ''ચાલ જીવી લઈએ''માં પિતા-પુત્રના પ્રેમ પર લખાયેલ, ગવાયેલ અને ફિલ્માંકન કરાયેલ ગીતની ગણના કદાચ સર્વોત્કૃષ્ટ કૃતિમાં થાય.

- નાનકડું, પણ સુંદર ગીત, પ્યારા શબ્દો, પિતાના અસ્તિત્વને પ્રેમમય બનાવી દે છે ત્યારે ચાલો આ ગીતની ઝલક જોઈ લઈએ...

***''વ્હાલનો દરિયો છે તું,***
***તું છલકતો જાય છે,***
***લાગણી ઘેરાય છે,***
***ને તું વરસતો જાય છે.***

- પિતાના અંશમાંથી સર્જન થયેલ પુત્ર પિતાને બહુ વહાલો છે. દરેક ક્ષણે પુત્રને ગળે લગાવવાનું મન થાય છે, પ્રેમ કરવાનું મન થાય છે, પણ દુનિયાની રીતરસમો, વ્યવહારને કારણે પિતાને કડકાઈ બતાવવી પડે છે.

- ઈતિહાસ, ધર્મગ્રંથિના દૃષ્ટાંત જેમ કે રામ-દશરથ, કૃષ્ણ-નંદ, સલીમ-અકબર વગેરે જે કોઈ યુગ હોય, સમયગાળો હોય, પણ વાતો થાય પિતાથી પુત્રને અપાતા શૂરવીરતા, પરાક્રમ, ધંધાકીય, દુનિયાદારી, જવાબદારીઓના શિક્ષણની-લાગણીઓની કોઈ વાત નહીં, જાણે બન્ને પુરુષો દિલ વગરના ન હોય.

*''લૂંટીને હું વિખરાઉં પણ*
*સપનાઓ તારા તૂટે નહિં,*
*મારા શ્વાસ છૂટી જાય પણ,*
*કદી સ્મિત તારું છૂટે નહીં.''*

ઉપરની ચાર કડીઓ પિતાના અપ્રતિમ પ્રેમ, બલિદાનની, સમીક્ષા (summary) છે પિતા પુત્ર માટે શું નથી કરતો. ઘરની બહાર રહી આજીવિકા રળે છે. તનતોડ મહેનત કરે છે. વિખરાઈ ન જાય ત્યાં સુધી સંપત્તિ ભેગી કરે છે. પોતાનાં સુખ અને આનંદમાં કાપ મૂકી પુત્રનાં દરેક સપનાં પુરાં થાય તે માટે ભાગદોડ કરે છે અને છેલ્લે વાયદો આપે છે કે છેલ્લા શ્વાસ સુધી હું તારા સ્મિત માટે, તારાં સપનાં પૂરાં થાય તે માટે પ્રયત્ન કરીશ- મારા મૃત્યુ બાદ તને ઊની આંચ ન આવે તેનું ધ્યાન રાખીશ, પણ જીવનભર પુત્ર માનતો રહે છે કે એના પિતાને કંઈ સમજ નથી અને જ્યારે એને સમજાય છે કે એના પિતા એમની જગ્યાએ સાચા હતા ત્યારે કદાચ બહુ મોડું થઈ ગયું હોય છે.

*''પા પા પગલી*
*તે કીધી ઝાલીને મારો હાથ*
*જીવની ઢગલી મેં*
*આખી રાખી છે તારે કાજ''*

પિતાની હાજરી સૂરજ જેવી છે. સૂરજ ગરમ થાય છે, પણ ન હોય. અંધારું છવાય છે. પુત્રની દરેક સફળતા પર પોતે વિજય અનુભવતો પિતા, પુત્રની હારમાં ''કંઈ વાંધો નહિં'' એમ હિંમત આપતો પિતા, પોતાની વેદના અંતરમાં ધરબી રાખતો પિતા. પોતે કડક હોવાની છાપ સાથે રાતે છાને ખૂણે રડી લેતો પિતા. ખરેખર પિતાનું સમર્પણ અમૂલ્ય છે.

*''તારું ચાલવું તારું બોલવું*
*કાલું ને ઘેલું યાદ છે.*
*મારી આંખમાં તારા બાળપણના*
*સેંકડો વરસાદ છે.*
*તારી હર ખુશીને સાચવીને*
*મનમાં રાખી છે હજી*
*મારી જિંદગી આખી ઘણી*
*બસ તું જ પુંજી છે ખરી''*

પિતાને પુત્રનું બાળપણ યાદ આવે છે. પુત્ર કાલું-ઘેલું બોલતો, પ્રેમભરી ચેષ્ટા કરતો, બિમારી વખતે રાતોના ઉજાગરા. પુત્રના આનંદની ક્ષણો કૅમેરામાં મઢેલ ફોટાની જેમ પિતાના મનમાં સચવાયેલી છે. પુત્ર તું જ ખરી મારી મિલકત છે. પુત્રપ્રેમની આ કડી દરેક પિતાના દિલની વાત છે. પિતા પુરુષ છે. ઓછું બોલે

છે. માતાની જેમ લાગણી દર્શાવી શકતો નથી, પણ તેથી પિતાનો પ્રેમ પુત્ર માટે માતાના પ્રેમથી અંશ પણ ઓછો નથી. પુત્ર આ કઠોર દુનિયામાં પાછો ન પડે તે માટે કડક થાય, વ્યવહારિક થાય, ઠપકો આપે પણ બહારના કવચ સમાન શરીરની અંદર પિતાનું નાજુક અને કોમળ દિલ ધબકે છે જેમાં પુત્રપ્રેમની સરવાણી સદાય વહેતી રહે છે.

- સદાય સાંભળવું ગમે એવું સુંદર ગીત પિતાના પુત્ર માટેના પ્રેમની (one of the best) ઉત્તમોત્તમ રચના છે.

દરેક પુત્રાને, પિતાનો ઓળખવાની, સાંભળવાની અને પ્રેમ કરવાની સમજ આપે એવી પ્રભુને પ્રાર્થના

**મો.: ૯૭૬૯૦૦૮૮૧૯**

---

## પગદંડી (માસિક)

### ધી રજિસ્ટ્રેશન ઑફ ન્યૂઝપેપર (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે પગદંડી પત્ર અંગેની માહિતી ફૉર્મ નં ૪ (જુઓ રૂલ્સ નં ૮)

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશનનું સ્થળ | : | શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ<br>૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. |
| ૨. પ્રકાશનની સામયિકતા | : | માસિક |
| ૩. મુદ્રક અને પ્રકાશકનું નામ | : | અશ્વિન પી. માલદે |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ૧૦, સુમતિ, એમ. જી. રોડ, મુલુંડ (વે), મુંબઈ -૪૦૦૮૦. |
| ૪. તંત્રીનું નામ | : | અશ્વિન પી. માલદે |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ૧૦, સુમતિ, એમ. જી. રોડ, મુલુંડ (વે), મુંબઈ -૪૦૦૮૦. |
| ૫. જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણના એક ટકાથી વધારે થાપણનાં નામ તથા સરનામાં | : | શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ<br>૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,<br>મુંબઈ - ૪૦૦ ૦૦૯. |

હું અશ્વિન પી. માલદે આથી જાહેર કરું છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

(સહી) **અશ્વિન પી. માલદે**

મુંબઈ

પ્રકાશક : પગદંડી



# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે
એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.**<br>**(અમૃતા પ્રીતમની આત્મકથા)**<br>**મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

*ગતાંકથી આગળ...*

*અમૃતા ખરે જ સદ્‌ભાગી હતી કે એને જીવનમાં મૈત્રીનું પરમમાધુર્ય સાંપડયું. મૈત્રીનું આ માધુર્ય જેને સાંપડે એનો જીવનરસ ક્યારેય ન સુકાય. મિત્ર તો એ સૂર્ય છે, જે સદાય સમગ્રને અજવાળનાર છે. મૈત્રી એ સંબંધ છે જે સદા જીવનને અમૃતજલથી પરિતૃપ્ત કરે છે, પરંતુ જીવન તો અનેક સંબંધોની શ્રુંખલા લઈને વહે છે. મૈત્રી જીવનને અમૃતમય કરે છે તો કેટલાક એવા સંબંધો પણ હોય છે જે જીવનરસમાં કેવળ કડવાશ ઘૂંટનારા હોય છે. આવા કડવાશ ઘૂંટનારા સંબંધોની માત્રા જ્યારે અતિશય થાય છે ત્યારે જીવનનો એ કાળખંડ ભારરૂપ બની રહે છે. જીવનપથ કાંટાળો બની રહે છે.*

*અમૃતાના જીવનમાં આવા જીવનમાર્ગ પર કાંટા વિખેરનારાં પાત્રો વિશેષપણે સક્રિય રહ્યાં છે.*

*સામાન્યપણે એવું બનતું આવ્યું છે કે કોઈ વ્યક્તિ જ્યારે કોઈ ક્ષેત્રમાં અપ્રતિમ કૌશલ્ય અને પ્રતિભાથી ઉચ્ચ સ્તરે આગળ વધી રહેતી હોય છે, ત્યારે એની સિદ્ધિ નજીકના કેટલાંક માટે ઈર્ષ્યાનું કારણ બની રહે છે. અમૃતાની ઓજસ્વિતા પણ આવી ઈર્ષ્યાનું કારણ બને છે. ખાસ કરીને સમકાલીન સાહિત્યકારો કે અન્ય ક્ષેત્રની કહેવાતી આગલી હરોળે સ્થિત વ્યક્તિઓને ઈર્ષ્યાનો અગ્નિ પ્રજાળી રહ્યો હતો.*

*૫ સપ્ટેમ્બર, ૧૯૭૩ ના રાતના સાડા દસનો સમય. અમૃતા કાજાનજાકિસનું પુસ્તક 'રોક ગાર્ડન' વાંચી રહી હતી. ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. ટેલિફોન પર સામે એક યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરનો અવાજ હતો...*

'સવારે સેનેટની મિટિંગ છે, તેમાં તમારી વાર્તા 'એક શહર કી મૌત'ની વિરુદ્ધ રેઝોલ્યુશન પાસ થશે. હું તમારા પિતાજીનો મિત્ર હતો. એમનો આદર કરતો હતો, એટલે તમને ફોન કરું છું કે તમારી વાર્તા 'એક શહર કી મૌત'ની સાથે તમારા લેખનનું મોત થઈ ગયું છે.

*અમૃતા એના લેખનના મોતના સમાચાર સાંભળી લગીરે વિચલિત ન થતાં એ ચાન્સેલરસાહેબનો આભાર માને છે અને ત્યાર પછી એમની વચ્ચેનો ટૂંકો સંવાદ બન્નેની મન:સ્થિતિનો એક ગ્રાફ આલેખી દે છે. રસપ્રદ છે એ સંવાદ :*

'તમે એ વાર્તા વાંચી છે?'

'ના, હું સાહિત્ય વિશે બહુ નથી જાણતો. હું તો સાયન્સનો માણસ છું.'

'તમને સાહિત્ય વિશે ખબર નથી તોપણ તમારી વિદ્વતા પર ભરોસો રાખીને કહું છું, તમે પોતે એ વાર્તા એક વાર જરૂર વાંચજો.'

'મારી પાસે એના સિનોપ્સીસ આવ્યા છે. તે બહૂ ખરાબ છે.'

'સિનોપ્સીસ કદાચ બરાબર ન હોય.'

'સિનોપ્સીસ કેવી રીતે ખોટા હોઈ શકે?

'કોઈ પ્રેજ્યુડિસ્ટ માઇન્ડ લખે તો એ ખોટા હોઈ શકે.'

'હા, એ બરાબર છે, પણ...'

'જ્યારે વાર્તા હાજર છે, ત્યારે એ વાંચવાની મહેનત કરી શકાય.'

*અને સામેની એ વિદ્વાન વ્યક્તિનો અવાજ ફરી રણકે છે. એ કહે છે કે, અમારો કોઈ માણસ જે કદાચ રજિસ્ટ્રાર હશે એ દિલ્હી આવે તો એને સમય આપી એની સાથે વાર્તા અંગે ચર્ચા કરજો. અને અમૃતા કહે છે:*

'જો તમે પોતે વાંચવા ઈચ્છો તો મને ફોન કરજો, હું તમારી સાથે વાર્તા ડિસ્કસ કરી શકીશ.'

'ભલે, આવતા અઠવાડિયે ફોન કરીશ, આજે મેં કસમયે ફોન કર્યો છે, ખરેખર તો હું તમારા પિતાજીનો આદર કરતો હતો. બહુ ઊંચા વિચારોના હતા, તમારો પણ આદર કરવા ઈચ્છું છું.'

'પણ એ મને વાંચ્યા વગર ન થઈ શકે. 'તમે એવું લખો કે અમે તમારો આદર કરીએ,'

'ફિકર ન કરો, જ્યાં સુધી મારી નજરમાં મારો આદર છે, ત્યાં સુધી મારા માનને હાનિ નહીં પહોંચે'.

મારી જેમ મારું માન પણ આખી જિંદગી કોઈની પર આશ્રિત નથી રહ્યું. ફોન બંધ થઈ ગયો ત્યારે તે પણ મારી સામે હસતું હતું.

*થોડે દૂર ઊભેલા ઈમરોઝે બધી વાતચીત સાંભળી. એ હસી રહ્યો હતો. સેનેટના આ રેઝોલ્યુશન શા કાજે છે? આવા ઠરાવ તો શબ્દની હત્યા કરનારા હોય.*

*એ જ સમયે સુરેશ કોહલી ભારતની પસંદ કરેલી વાર્તાઓના અંગ્રેજી અનુવાદના સંગ્રહ માટે અમૃતાની આ વાર્તાનો અનુવાદ કરી રહ્યા હતા. ભારતીય જ્ઞાનપીઠ તરફથી અમૃતાનાં ચૂંટેલાં લેખ/સાહિત્ય છપાઈ રહ્યાં હતાં એમાં પણ આ વાર્તા પસંદ કરાઈ હતી. રાજપાલ એન્ડ સન્સ તરફથી અમૃતાની વાર્તાઓનું પુસ્તક 'પંજાબ કે બહાર કે પાત્ર' છપાઈ રહ્યું હતું. એની મુખ્ય વાર્તા પણ એ જ હતી. આ બધાની વચ્ચે યુનિવર્સિટીના પેલા ઠરાવનું શું કહેવું?*

*અમૃતા ઉદાસ હતી. યુનિવર્સિટીના ચાન્સેલરની વાત ઉદાસીનું કારણ ન હતી. અમૃતા કહે છે:*

ઉદાસી એ ન હતી, મન પણ ઉદાસ હતું. 'ઉદાસીઓની એક લાંબી પરંપરા હતી, એ તો જે દિવસે હાથમાં કલમ લીધી હતી ત્યારથી મારી સાથે ચાલવા લાગી હતી અને પછી હંમેશ મારી સાથે ચાલતી રહી હતી.

*એ જ દિવસો દરમ્યાન દેવેન્દ્ર સત્યાર્થી સાહેબનો એક લેખ છપાયો. સત્યાર્થી સાહેબનો લેખ એમના અન્ય લેખોની જેમ જ અમૃતા માટે એક કટુતાભર્યો લેખ હતો અને અમૃતા કહે છે, 'પંજાબીમાં કેટલાય દેવેન્દ્ર સત્યાર્થી છે જેમને કોઈના આત્માની પવિત્રતા સાથે કાંઈ સંબંધ નથી અને તે છતાં અમૃતાની ઉદાસીનતાને આવા કટુતાભર્યા લેખો સાથે કશોક સંબંધ જરૂર હતો. આવી સ્થિતિમાં અમૃતાએ એક કવિતા લખી - 'અલવિદા' આ કવિતાની અંદર ઊતરતાં જણાય છે કે કવિતાની ભીતરથી ડોકાઈ રહેલો ચહેરો એક વ્યક્તિનો નહીં, સમગ્ર પંજાબનો છે. અમૃતા કહે છે:*

પંજાબનો ચહેરો મારે માટે પ્રિયતમનો ચહેરો છે – પણ એ પ્રિયતમનો કે જે પરાયાની મહેફિલમાં બેઠો હોય.

લખ્યું -

ખુદા તારી નજમ જેટલી તને જિંદગી આપે!
હું એ નજમનો મિસરા નથી,
કે બીજા મિસરાઓ સાથે ચાલ્યા કરું,
અને તને એક કાફિયાની જેમ મળતી રહું.
હું તમારી જિંદગીમાંથી નીકળી છું
ચુપચાપ-એ રીતે-
જાણે શબ્દોમાંથી અર્થ નીકળે છે!
અને બદ્‌નસીબ અર્થોનું શું.
એમનું હોવું પણ એમના નીકળવા જેવું.
અને જે રીતે આજે અર્થ નીકળ્યો છે,
કાલે કોઈ બીજો જ અણકલ્પયો અર્થ નીકળશે.
પણ નજમ, આ જગતમાં સલામત રહે
અને ખુદા તારી નજમ જેટલી તને જિંદગી આપે.

*(ક્રમશ:)*

**સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧**

**કચ્છ - બાડા**

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

### પગદંડી- જાન્યુઆરી, ૨૦૨૫ અંક

પગદંડીના જાન્યુઆરી, ૨૦૨૫ અંકમાં સંજયભાઈનો તંત્રીલેખ ''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ'' ખૂબ સરસ હતો.

મારું TV જોવાનું ઓછું હોય છે, પરંતુ KBCનો આ એપિસોડ અનાયાસ જોવાઈ ગયો હતો અને મને ખૂબ ગમ્યો હતો. સંજયભાઈએ એને કલમ પર વાચા આપીને સમાજ સમક્ષ મૂક્યો એ બહુ ગમ્યું.

ડૉ. નીરજ સક્સેના જે સહજતાથી, સરળતાથી, ધીરજથી જવાબ આપી રહ્યા હતા એ જોતાં અંતિમ મંજિલ દૂર નહોતી લાગતી. પરંતુ એમણે સંતોષ માનીને જે નમ્રતાપૂર્વક ગૅમ ક્વિટ કરી એ જોઈને દિલ બાગબાગ થઈ ગયું અને એમના પ્રત્યે એક અહોભાવ પેદા થઈ ગયો.

એ જ અંકમાં હેમાબેન વીરાના ''ધનનો લોભ અને મોહ'' લેખનું છેલ્લું વાક્ય ''જીવનમાં ધન મેળવો નીતિથી, ભોગવો રીતિથી અને આપો પ્રીતિથી'' એક સુંદર સંદેશ આપી જાય છે. ફેબ્રુઆરી અંકમાં વસંતભાઈ મારુના ગામ કોડાયના દંપતિ, ડૉ. પ્રવીણભાઈ વિસરિયા અને ડૉ. લીનાબેન વિસરિયા વિષેના લેખથી ગૌરવ અનુભવાયું કે આપણા સમાજમાંથી એક વ્યક્તિ વર્લ્ડ બૅન્કમાં સિનિયર ઈકોનોમિસ્ટ તરીકે રહી ચૂક્યા છે અને એ પણ એક કેવો યોગાનુયોગ કે એક જ કુટુંબના તમામ સભ્યોએ અમેરિકામાંથી પી.એચ.ડી. કરી ડૉક્ટોરેટ પ્રાપ્ત કર્યું!

હું ન ભૂલતો હોઉં તો ડૉ. રશ્મિ મયુર જેમણે એક આંતરરાષ્ટ્રીય પર્યાવરણવાદી તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી અને યુનાઈટેડ નેશન્સ (UNO)માં એન્વાયરમેન્ટલ ઍડ્વાઈઝર તરીકે કાર્ય કર્યું હતું એ પણ આપણા સમાજના હતા.

આપણા સમાજના આવા વ્યક્તિવિશેષો માટે ગૌરવાન્વિત થવાય છે!

જયંત ભાણીમા શિવજી માલદે, લુણી

### પગદંડી - ફેબ્રુઆરી, ૨૦૨૫ અંક

પગદંડી ફેબ્રુઆરીના અંકમાં વસંત મારુ લિખિત ડૉ. પ્રવીણ વિસરિયાનાં જીવન અને કાર્યને નવાજતો લેખ વાંચી આનંદ થયો. પ્રવીણ મેઘજી વિસરિયાએ પાલાગલી શાળામાંથી મેટ્રિકનો અભ્યાસ કર્યો હતો અને મુંબઈની ત્યારની પ્રથમ કક્ષાની ગણાતી એલ્ફિન્સટન કૉલેજમાં B.A.(Economics)ની ડિગ્રી પ્રાપ્ત કરી. તેઓ મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એ. કર્યા પછી અમેરિકા ઉચ્ચ અભ્યાસ અર્થે ગયા હતા.

પાલાગલી સ્કૂલ અને એલ્ફિન્સ્ટન કૉલેજમાં હું એમનાથી બે વર્ષ પાછળ હતો, પરંતુ એમનું સાંનિધ્ય મને પ્રાપ્ત થયું હતું એનો મને આનંદ છે. તેઓ માલસી ઘેલાભાઈ સર્વોદય કેન્દ્રની વિદ્યાર્થીઓ માટેની હૉસ્ટેલના પ્રથમ ગૃહપતિ હતા.

અસાધારણ બુદ્ધિપ્રતિભા, વિચારોમાં મક્કમતા, આચરણમાં શુદ્ધતા અને સૌમ્યતા એમના વિશેષ ગુણો હતા. પ્રોસ્ટન યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટ કર્યા પછી તેઓ વર્લ્ડબૅન્ક અને પ્લાનિંગ કમિશનમાં પણ ઉચ્ચ સ્થાને બિરાજયા હતાં.

અર્થશાસ્ત્રમાં ડેમોગ્રાફી પર તેમનું પ્રદાન અનોખું છે. એ વિષય પરનાં એમનાં પુસ્તકો અને એમની થિયરી આજે તમામ યુનિવર્સિટીમાં રેફરન્સ તરીકે લેવાય છે. એમના ડેમોગ્રાફી પરના સંશોધને તેમને વિશ્વ કક્ષાના અર્થશાસ્ત્રી તરીકે સ્થાપિત કર્યા છે. તેમના સહપાઠીઓ અને શિષ્યોનું માનવું છે કે એ સમયે અર્થશાસ્ત્ર પરનું નૉબેલ પ્રાઈઝ આપવામાં આવતું હોય તો તેઓ પ્રથમ કક્ષાના નૉબેલ પ્રાઈસના દાવેદાર હતા.

એમની સ્મૃતિમાં દર બીજા વર્ષે અમદાવાદમાં ડૉ. પ્રવીણ વિસરિયા મેમોરિયલ લેકચર્સ ગોઠવાય છે. વર્ષ ૨૦૨૩એ વ્યાખ્યાન માળામાં વક્તા તરીકે મને નિમંત્રણ અપાયું હતું એ મારું સદ્ભાગ્ય હતું

લીલાધર હાંસબાઈ માણેક ગડા
ભોજાય, કચ્છ

## પગદંડી ફેબ્રુઆરી ૨૦૨૫ અંક
## અનોખી અનુક્રમણિકા

જાગૃત સમાજ સકારાત્મક સ્વપ્નાંનો સાકાર કરી શકે છે. વાત છે ''માતા-પિતાના ૠણને અદા કરવાની''. પગદંડીના જાગૃત લેખકોએ આ વાતને સમર્થન આપ્યું.

પગદંડીના તમામ લેખકોએ પોતાના નામ સાથે પોતાનાં માતા-પિતાના નામનો ઉલ્લેખ કરી માતા-પિતાનું ૠણ અદા કર્યું છે. સમાજના સ્નેહાળ ભાઈ-બહેનો જોઈ લેજો ''અનોખી અનુક્રમણિકા'' ફેબ્રુઆરી ૨૦૨૫ના પગદંડી અંકની. સર્વે લેખકોને હાર્દિક અભિનંદન આપી, આપણે બધા જાગૃત બની આ સત્કાર્યમાં ભાગીદાર બનીએ. પોતાના નામ સાથે માતા-પિતાનું નામ હંમેશાં લખીએ. ''માતા'' જન્મદાતા - રક્ષક-ગુરુ અને પ્રભુજી નું સ્વરૂપ છે. પળપળ માતા-પિતાનો યાદ કરી આપણે બધાએ પાવન થવાનું છે. બધા લેખકોને શાનદાર સલામી.

જયંતીલાલ લક્ષ્મીબેન વાલજી ગોગરી
ગામ ભુજપુર - ઘાટકોપર (ઈસ્ટ)
મો. નં.૯૯૬૭૨ ૮૬૨૦૮

શ્રેષ્ઠ સંવાદ એ છે કે જે
શબ્દોમાં મર્યાદિત અને
અર્થમાં અમર્યાદિત હોય....

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

### દેવ દ્રવ્ય

પર્યુષણ પર્વ દરમિયાન આપણા જૈન અપાસરાઓમાં શ્રી મહાવીરસ્વામી જન્મ સમયે સપનાજીની ઘૃતની બોલીઓથી દેવ દ્રવ્ય જમા થાય છે જેનો મણમાં ઉલ્લેખ હોય છે. અમુક સંઘોના ઘૃતનો ભાવ મણ દીઠ અઢી રૂપિયા હોય છે તો ક્યાંક પાંચ રૂપિયા પણ હોય છે. એક સરાસરી રકમ રૂપિયા ત્રણનો ભાવ ધારીએ તો દર વર્ષે જાહેર થતા, સર્વ સંઘોની ઘૃતની રકમ ૧૦, ૧૫, કે ૨૦ કરોડ થાય! આ રૂપિયા હાલ તરત તો બૅન્કોમાં સંઘોનાં ચાલુ ખાતાંમાં જમા થશે જે કરોડોની થાપણમાં વધારો થશે! થોડા સમયમાં એ રકમો ફિક્સ ડિપૉઝિટમાં પરિવર્તિત થશે. વ્યાજની આવક વધશે અને આ બધા સંઘોનાં ખાતાં જે દેવ દ્રવ્યથી છલકાય છે તે હજી વધારે સદ્ધર થશે.

જિનાલયોના જીર્ણોદ્ધાર તથા નૂતન નિર્માણમાં આ સંઘો, પોતાનાં બૅન્ક ખાતાંમાંથી પોતાના તેમ જ અન્ય સંઘોનાં જિનાલયો માટે કેટલી રકમ વાપરી શકશે એ એક પ્રશ્ન છે! જુદાજુદા પંથો અને ગચ્છોમાં, બધા પોતપોતાના પંથ અને ગચ્છનાં મંદિરોના જીર્ણોદ્ધાર અને નૂતન નિર્માણમાં દેવ દ્રવ્યની ફાળવણી કરે જ છે. તો દરેક વર્ષે કેટલી રકમ દરેક સંઘને જોઈએ?

આની સરખામણીએ દરેક સંઘોનાં સાધારણ ખાતાંમાં જેમાંથી રોજબરોજના જિનાલયમાં ખર્ચ થતા હોય છે તેમાં, વર્ષાંતે તોટા જ પડતા હોય છે!! આવી પરિસ્થિતિ મોટા ભાગના સંઘોમાં જોવા મળે છે.

હા, અપવાદરૂપે એવા ઘણા સંઘો મારી જાણમાં છે જે દેવ દ્રવ્યની ઊપજમાંથી ૫૦ ટકા રકમ સાધારણ ખાતામાં લઈ લે છે. કોઈ સંઘ ૭૦ ટકા રકમ દેવ દ્રવ્ય તરીકે રાખી ૩૦ ટકા રકમ સાધારણ ખાતામાં લે છે. એક સંઘ તો દેવ દ્રવ્યનું ઉપાર્જન થાય એવી બોલી બોલાવતું જ નથી; ફક્ત શ્રાવકોની ઈચ્છા મુજબ સાધારણ ખાતે જ રકમ સ્વીકારી મંદિરના ખર્ચ વ્યવસ્થિત ચલાવે છે! જે ખૂબ જ અનુમોદનીય છે અને અભિનંદનને પાત્ર પણ છે!

જે સંઘોમાં દેવ દ્રવ્યની મોટી રકમો, બૅન્ક ખાતાંમાં જમા પડી રહેતી હોય છે તે

સંઘોના મોભીઓ, શ્રેષ્ઠીઓ તથા પૂજ્ય ધર્માચાર્યો સાથે મળી, આ દેવ દ્રવ્ય અને સાધારણ ખાતામાં નાણાંની વિસંગતતા અંગે, કોઈ એક મધ્ય માર્ગ વિચારી, સાધર્મિકોને માટે આવાસ, શિક્ષણ, આરોગ્ય તેમ જ વ્યવસાય માટે નાણાં સહાયની યોજનાઓ બનાવી આ દેવ દ્રવ્યનો ઉપયોગ આવશ્યકતા પ્રમાણે કરવો એ આજના સમયની માંગ છે! જેથી આપણા જૈન સંઘોનાં નાણાં અધિક પ્રમાણમાં બૅન્કોમાં જમા પડ્યા ના રહે. સરકારી કાયદાઓ છાસવારે બદલાતા હોય છે. સંઘોનાં નાણાં સરકાર જપ્ત કરે ત્યાર પહેલાં સમયસરની જરૂરી સાવધાની સારી.

વળી દેવ દ્રવ્યની રકમ માટે શાસ્ત્રોમાં જે કોઈ વિધાન હોય તે, પણ એ રકમ પર મળતા બૅન્ક વ્યાજની આવક (જેના માટે શાસ્ત્રોમાં કોઈ નિર્દેશ નહિ હોય, કારણકે શાસ્ત્રો લખાયાં ત્યારે બૅન્ક કે વ્યાજનું અસ્તિત્વ જ નહોતું, તેથી એ વિશે વિચારવાનો કોઈ પ્રશ્ન જ નહોતો) પણ દેવ દ્રવ્ય ગણાય કે કેમ એ નક્કી કરવું જરૂરી છે. જો ના ગણાય તો એક જુદુ ખાતું ખોલી એમાં જમા કરાવી, સાધારણ ખાતે લઇ શકાય.

જિન આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ક્ષમા યાચું છું, મિચ્છામિ દુક્કડમ્.

વસંત જેઠીબાઈ લીલાધર ગાલા 'કચ્છ કેસરી'.
દેવપુર/મુલુંડ.

## કવીઓ જૈન સમાજનાં બે અમૂલ્ય ઘરેણાં : દેવલાલી - લોનાવાલ આરોગ્ય ધામ

''કયો ગામ?'', ''મુંબઈ મોં કતે રોયોતા?'', ''હતે કન નંબર મેં અયો?''

દેવલાલીના કવીઓ જૈન સ્થાનકવાસી મુંબઈ મહાજન સંચાલિત શ્રી દેવજી ખેતશી આરોગ્યધામમાં છેલ્લા લગભગ છ દાયકાથી અને લોનાવાલાના શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી આરોગ્યધામમાં છેલ્લા ચાર દાયકાથી ઉપરોક્ત ત્રણ કચ્છી વાક્યો લાખો વખત ઉચ્ચારાયાં હશે. આ વાક્યો ક.વી.ઓ. જૈન સમાજ માટે ''તકિયા કલામ'' બની ગયાં છે! આ બે આરોગ્યધામમાં એક સપ્તાહથી માંડીને એક મહિના સુધી મુંબઈ અને બહારગામથી રહેવા આવતા ક.વીઓ. પરિવારો જો એકબીજાને ઓળખતા ન હોય તો ઉપરોક્ત ત્રણ વાક્યોથી ઓળખાણની શરૂઆત કરીને પછી અનેક સંબંધો અને ઓળખાણો કાઢતા હોય છે અને પછી કલાકો સુધી વાતોમાં ગૂંથાઈ જાય છે. માત્ર દેશમાં જ નહીં વિશ્વભરમાં આવા આરોગ્યધામોની વ્યવસ્થા ભાગ્યે જ કોઈ સમાજમાં છે એને એટલે જ કવીઓ સમાજની એક આગવી ઓળખ બની ગઈ છે.

સમાજના પૂર્વજોની દૂરંદેશીને કારણે નિર્માણ પામેલાં આ બે આરોગ્યધામ સમગ્ર

કવીઓ જૈન સમાજનાં અમૂલ ઘરેણાં છે. અહીં આવીને રહેતા પરિવારોની ઓળખાણ અનેકવાર વિવાહ સંબંધમાં પરિણમી છે. લોનાવલા જેવા હિલ સ્ટેશન અને આરોગ્ય માટે ઉત્તમ દેવલાલીમાં અત્યંત નજીવા ભાડાથી બ્લૉક ફાળવવામાં આવે છે. બધી જ સુવિધાસંપન્ન રૂમો મુંબઈની ખોટ સાલવા દેતી નથી.

ભૂતકાળ અને વર્તમાનના અધિકારીઓ-ટ્રસ્ટીઓની ચીવટ અને કુશળતાથી આ આરોગ્યધામોનું મૅનેજમેન્ટ સુચારુ રીતે ચાલી રહ્યું છે. અહીં આવતા પરિવારો વચ્ચે ધનવાન-મધ્યમ વર્ગ વચ્ચે કોઈ ભેદ જણાતો નથી. રાતે મઢૂલીમાં થતી ''હાઉઝી'' રમત સહિતના સંગીત કાર્યક્રમ અહીંનાં વિશેષ આકર્ષણ રહ્યાં છે.

અને હા, જે પરિવારોને બ્લૉકનું ભાડું ન પરવડતું હોય તો તેમને એક મહિનાના માત્ર ૧૦૦ રૂપિયા અથવા અડધા ભાડામાં રૂમ ફાળવવામાં આવે છે.

દિન-પ્રતિદિન કવીઓ સમાજ વિસ્તરી રહ્યો છે ત્યારે બધા જ અરજદારોને રૂમ ફાળવવી શક્ય નથી હોતી. આવા સંજોગોમાં ડ્રૉ કાઢવામાં આવે છે! દેવલાલી અને લોનાવલા આરોગ્યધામની રૂમો ઓછી પડે છે. દેવલાલીમાં ફાજલ જગ્યા પર ૨૨ સ્ટુડિયો રૂમો યુવા પેઢી માટે બનાવવાની મહાજનની યોજના છે. તે સાકાર થાય તેની સમાજ કાગડોળે રાહ જોઈ રહ્યો છે. આમ મૂળ કચ્છનાં બાવન-બેતાલીસ ગામોના પરિવારોનો સ્નેહમેળો અહીં તેમનામાં એક નવી ઊર્જા ભરે છે. સમાજના ઘડવૈવાઓ-હિંતચિંતકોને લાખલાખ સલામ.

**મણિલાલ વેલબાઈ ગોવિંદજી ગાલા**
કોટડા (રોહા), દહિંસર
મો. ૯૮૨૦૬ ૮૦૪૪૪

### ભવિષ્યકાળ માટેની ચેતવણી

છેલ્લા ૩-૪ દાયકાથી આપણો ક.વી.ઓ. સમાજ તેમ જ ઈતર સમાજો પાસે સમૃદ્ધિ ઘણી વધી છે. એ પૈસાનો ઉપયોગ કચ્છમાં નવાં બાંધકામો બાંધવામાં થયો. નવાં મકાનો, બંગલા, આવાસ યોજના, તેમ જ દેરાસરો તથા અન્ય ધાર્મિક સ્થાનોના પણ જીર્ણોદ્ધાર થયા. હજી નવાંનવાં દેવાલયો બનતાં જાય છે.

દેરાસરનાં સંકુલો ઊભાં થયાં. નવી આવાસ યોજના દ્વારા લોકોએ નવાં ઘર ખરીદી કર્યાં. થોડો સમય એ બધાં આકર્ષણ રહે છે, પછી આવન-જાવન ઓછી થાય છે. આવાસ યોજનાઓ બની ત્યારે એમ લાગતું હતું કે થોડા પરિવારો કચ્છમાં સ્થાયી થશે. પણ એમ થયું નહીં. ચાતુર્માસ પૂરતી ચહેલ-પહેલ રહે છે. પછી પાછાં આવાં સંકુલો ખાલીખમ.

આજનો યુવા વર્ગ કચ્છ પ્રત્યે ઉદાસીન છે. તેઓને કચ્છમાં રોકાવાની કોઈ ઈચ્છા નથી. તો આપણી પેઢી અને હમણાંની મધ્યમ વયની પેઢી પછી આ બાંધકામોની સંભાળ કોણ રાખશે ?

આપણી વસતિ ઘટતી જાય છે તેમ જ ઈતર કોમો લોહાણા, ભણશાળી વગેરે પણ મુંબઈ તરફ આકર્ષિત થયા છે. એટલે એમની વસતિ પણ ઓછી થતી જાય છે. વસતિ વધી રહી છે એક વિશિષ્ટ કોમની જે ગામોમાં એમની વસતિ ૫/૧૦ ઘરો પૂરતી મર્યાદિત હતી, આજે એમની વસતિ ૨૦/૨૫ ઘરો જેટલી વધી છે.

એટલે જે કાશ્મીરમાં થયું એવું આપણા કચ્છમાં પણ થઈ શકે. આપણાં આવાસો, દેવાલયો પર એમનો કબજો થઈ શકે છે.

આવું ન થાય એ માટે ગામે-ગામના મહાજનોએ એક થઈ ચર્ચા-વિચારણા કરવાની જરૂર ઊભી થઈ છે. કચ્છ પ્રત્યે આપણા લોકોને આકર્ષણ કેમ વધે એ માટે કોઈ ઉકેલ લાવવા પ્રયત્ન કરવો જોઈએ. જેઓ કચ્છમાં નાના ઉદ્યોગો કરવા માંગતા હોય એમને વગર વ્યાજની લોન આપી એમના રહેઠાણ વગેરેની વ્યવસ્થા કરી આપવા સુધીનું આકર્ષણ આપવું જોઈએ. કચ્છમાં નહીં રોકવાનું સહુથી મોટું કારણ છે ડૉક્ટરી સુવિધાનો અભાવ. એ માટે ગુજરાત સરકારે હરતાં ફરતાં દવાખાનાંની વ્યવસ્થા કરી છે, પણ એમાં કોઈ ડિગ્રીધારી ડૉક્ટરની વ્યવસ્થા થઈ શકે તો થોડી રાહત થાય. યુવાનોને કચ્છ પ્રત્યે આકર્ષણ થાય એ માટે ગામેગામનાં મહાજનોએ યુવાનોને પોતાની જવાબદારી પર, પોતાના ખર્ચે, મફત પર્યટન વગેરેની પ્રવૃત્તિઓ ગોઠવી શકાય. જેનાથી આકર્ષિત થઈ યુવાનોને કચ્છ માટે લગાવ વધે. પર્યટનો પણ ગોઠવી શકાય.

